Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૮ • અંક : ૪૨ • તા. ૧૯ ઑક્ટોબર થી ૨૫ ઑક્ટોબર ૨૦૧૫ • વાર્ષિક લવાજમ રૂ. ૫૦ • Regn.No. MCE/53/2015-17






## જ્ઞાતિપ્રતિભા શ્રી કમલેશ મણીલાલ મોતાને અભિનેતા - દિગદર્શક તરીકે દિગ્ગજોની પંક્તિમાં સ્થાન અપાવતું નાટક : 'કોઈ ભીંતેથી આયના ઉતારો'

કમલેશ ભાઈના વિશેષ નાટક અને તેમની કારકિર્દી વિશે સ્વનિવેદન પાના નં. ૧૦, ૧૧
તેમની કારકિર્દીની તસ્વીરી ઝલક પાના નં. ૧૯



## પરબના સાર્થક ૨૪ વર્ષની આછેરી ઝલક

### પ્રેરક હિતેચ્છુઓ

૧) શ્રી રાયચંદ ધરમશી પરિવાર
૨) શ્રી કિરીટ લાપસીયા પરિવાર
૩) શ્રી લક્ષ્મીચંદ ધારશી મોતા અને શ્રી વસનજી લખમશી શાહ

### વિશેષ કાર્યક્રમોમાં વિશેષોની ઉપસ્થિતિ

૪) પદ્મશ્રી સંગીતકાર કલ્યાણજીભાઈ
૫) પદ્મશ્રી સંગીતકાર આણંદજીભાઈ
૬) વરિષ્ઠ અભિનેત્રી તનુજા

### વિશેષ કાર્યક્રમો

૭) સુર્યશક્તિ-બેંકીંગ-રોકાણ વિશે માર્ગદર્શન કાર્યક્રમ
૮) લગ્નોત્સવ
૯) શ્રી અરિહંત બેંક સાથે માર્કેટિંગ એક્ઝીબીશન

### ઉદ્‌ઘાટનો

૧૦) શ્રી કાંતાબેન અજાણીના હસ્તે
૧૧) શ્રી ભવાનજીભાઈ છેડાના હસ્તે
૧૨) શ્રી ચેતનભાઈ (કાજલ ડેરીવાળા)ના હસ્તે

### સંસ્થાના કાયમી પ્રોજેક્ટો

૧૩) લખ-લક્ષ્મી રાહતદરે અનાજ, મસાલા વિતરણ
૧૪) કાંજુરમાર્ગ અનંતનાથ કૉમ્પલેક્સમાં દવાખાનું










































# હાર્દિક અભિનંદન



**કુ. રીવા યોગેશ ચંપકલાલ શાહ (મુંબઈ)**

માતા : ડૉ. વૃંદા (સનત્ શાહ ના સુપુત્રી)



**રીવા**એ હાલ (જુલાઈ ૨૦૧૫)માં જ
સોલીસીટર્સની પરીક્ષા (મુંબઈ) પાસ કરી છે.
કાયદાના અનુસ્નાતક (LL.B. 5 Year Course) ની ડીગ્રી
તેમણે ૨૦૧૩માં ગવર્મેન્ટ લો કોલેજ (મુંબઈ)થી પ્રથમ ક્રમાંકે
તથા મુંબઈ યુનિવર્સીટીમાં દ્વિતીય ક્રમાંકે પાસ કરી હતી.
ગવર્મેન્ટ લો કોલેજના જનરલ સેક્રેટરી ઉપરાંત
મૂટ કોર્ટ કોમ્પીટીશનમાં તેમણે કોલેજનું
પ્રતિનિધિત્વ કરી ઘણા ઇનામો મેળવ્યા છે.
વાડિયા-ગાંધી સોલીસીટર્સની ફર્મમાં
આર્ટીકલ કર્યા બાદ તેમણે હાલમાં સોલિસીટર્સ પરીક્ષા
પાસ કરી છે અને સોલીસીટર બન્યાં છે.

**એમની આ ઝળહળતી સફળતા બદલ એમને**
**હાર્દિક અભિનંદન !**

## સનત્ શાહ પરિવાર

કોચીન નગરે જાણે સોનાનો સુરજ ઉગ્યો જૈન તરીકે અમો કોચીન નગર વાસીઓ અતિ હર્ષની લાગણી અનુભવીએ છીએ કે અમારી નમ્ર વિનંતીને સ્વીકારી ચાર્તુમાંસ કરવા પૂ. વાત્સલ્ય વારિધિ મહા તપસ્વી પ.પૂ.મુનિવર ગુરૂદેવ શ્રી ધર્મપ્રભસાગરજી મહારાજ સાહેબ, જાપ નિષ્ણાંત પૂ. મુનિવર શ્રી રાજશેખર સાગરજી મહારાજા સાહેબ તથા યુવા વિદ્વાન પ્રવચનકાર પૂ.મુનિવર શ્રી ધર્મશેખર સાગરજી મહારાજા સાહેબ પધારેલ છે. તેઓને અમારા લાખ લાખ વંદન.

અનુસંધાન ૩જા પાને









## શ્રી કોચીન નગરે પ.પૂ.મુનીભગવંતોનો ચાર્તુમાસ

જોશીંલા-હોશીંલા એવા વિદ્વાન પ્રવચનકાર પ.પૂ.મુનીવર શ્રી ધર્મશેખર સાગરજી મહારાજા સાહેબના પ્રવચનો ધ્યાનપૂર્વક-ચિંતનપૂર્વક દિલ સ્પર્શી રહ્યા છે. એઓશ્રીના વિવિધ પ્રવચનોમાં મૈત્રીભાવ, વાત્સલ્યભાવ, પુણ્યોદયનો સંચય શત્રુને ક્ષમા, Unwanted જરૂરીયાતોનો ક્ષય, અપેક્ષા રહિત ચરિત્ર મર્યાદાપૂર્વકનું જીવન, દયા દાન વિગેરે સુવર્ણસૂત્રો સભર વિષયોથી હ્રદય પુલકિત બને છે.

પૂજ્યશ્રી દરરોજના પ્રવચન ઉપરાંત દર રવિવારના ૯ થી ૧૧ દરમ્યાન જુદા જુદા વિવિધ વિષયો ઉપર પ્રવચન આપે છે. જે સાંભળવા ઈતર જ્ઞાતિના ભાઈઓ પણ સારી સંખ્યામાં ઉપસ્થિત રહે છે. પ્રવચનના વિષયો આપણી રોજની જીવન શૈલી સાથે વણાયેલા રહે છે.સંસારમાં રહીને ઉત્તમ પ્રકારનું પાપ-રહિત જીવન જીવી શકીએ, એવા સંદર્ભમાં સાદી સમજ સાથે પ્રસંગો વર્ણવીને રજુઆત કરે છે. એમના પ્રવચનોથી પ્રભાવિત થઈને કોચીનની અન્ય સંસ્થાઓ પણ મુનિભગવંતોને તેમને ત્યાં પધારી પ્રવચનો આપવા વિનંતી કરે છે. તદઉપરાંત બાળકો બાલિકાઓ માટે શિબિરોનું પણ નિમયિત આયોજન કરે છે.



પૂ.મુનિભગવંતોની પ્રેરણાથી અને તેઓના આર્શીવાદથી કોચીન મધ્યે નવકાર મહામંત્ર આરાધના કમલ મંદિર ચાર્તુમાસ માટે સ્થાપના કરેલ છે. આ નવકાર મંત્ર શક્તિપીઠની હંમેશ માટે વિધિ વિધાનપૂર્વક પ્રતિષ્ઠા કરવા કોચીન સંઘે નક્કી કરેલ છે. ભારતભરમાં નવકારમંત્ર શક્તિપીઠ સાથેનું જિનાલય, કોચીન સિવાય કોઈક જુજ ઠેકાણે આપણને જોવા મળશે.

પર્યુષણ પર્વ પત્યા બાદ સંપૂર્ણ ચાર્તુમાસ દરમ્યાન પૂ.મુનિભગવંતોની ઉપસ્થિતિમાં વિવિધ આરાધનાઓ મંત્ર સાધનાઓ, મહાપૂજન એવા અનુષ્ઠાનો લાભ મલ્યા કરે છે. પર્યુષણ પર્વ દરમ્યાન માસખમણ-સોળ ભથ્થો તથા અઠ્ઠાઈઓ સહિત લગભગ ૬૦ ઉપર તપશ્ચર્યાઓ થયેલ છે. આ બધાનો યશ પૂ. મુનિભગવંતોની વાણીનો છે.

પૂ.મુનિભગવંતોની પ્રેરણાથી ચાર્તુમાસ દરમ્યાન આયંબિલનું આયોજન કરવામાં આવેલ છે અને તેનો આદેશ સુજ્ઞશ્રી હરીશભાઈ પ્રાણલાલ મહેતાને મળેલ છે. જેથી ઘણી સારી રીતે આયંબિલ વ્યવસ્થા થઈ રહેલ છે.

અમે ફરીવાર પૂ.મુનિભગવંતોના પ્રવચન વ્યાખ્યાનો બાબત કહેવાનું મન થાય છે કે મનના કલેશ, સંકલેશ તથા કટુતા દૂર કરી મનને સ્વસ્થ સ્વચ્છ અને કોરુ બનાવી દે એવા છે. મનોવૈજ્ઞાનિક દૃષ્ટીએ એમની સિંહગર્જના, આત્મલક્ષી વેધક વાણી જીવન પરિવર્તન થવા કામયાબ બને છે. એઓશ્રીની ગુરૂઆજ્ઞા ગુરૂભક્તિ અનન્ય છે. ગુરૂઆજ્ઞા વિના કાંઈપણ ન થાય એવી સહજ માન્યતા એમણે જીવનમાં વણી લીધી છે. ગુરૂ સાનિધ્ય એટલે A OCEAN OF LOVE AND VIRTURE.

**શ્રી કોચીન સંઘના પૂ. મુનિભગવંતોને લાખ લાખ વંદન.**

**SHRI K.D.O.JAIN GNATI MAHAJAN COCHIN**


**સરગમ વોટર પાર્ક - પ્યોર વેજ જૈન ફૂડ**
**પ્રતિ વ્યક્તિ રૂા. ૬૫૦**

ટાઈમ સવારે ૯ થી સાંજે ૬, સવારે નાસ્તો, બપોરે લંચ, સાંજે ડીનર, ૩.૩૦ થી ૪.૩૦ ચા-કોફી - આઈસ ગોલા, ૩ સ્વીમીંગ પુલ, ૮ સ્લાઈડ, ડી.જે., રેઈન ડાન્સ, MPWS બેસવા માટે નાના મોટા હોલ, ૬૦૦૦ સ્કે. ફીટનો સ્ટેજ સાથેનો હોલ ખુરશી સાથે. લોકર, ખાટલા, એ.સી. રૂમ ભાડાથી. ગ્રુપ માટે ડીસ્કાઉંટ. કામણ જૈન મંદિરથી ૩ કિ.મી., ભજનલાલ ડેરીથી ૯ કિ.મી., દહીંસરથી ૨૧ કિ.મી., ભિવંડીથી ૧૪ કિ.મી. વિલેજ નાગલે, ચિંચોટી કામણ ભિવંડી રોડ, ઓનલી જેન્ટસ ગ્રુપ નોટ અલાઉડ.
સંપર્ક : 9324304333 રમેશ માણેક ગાલા (ગઢશીશા).
Website : www.sargamwaterpark.com



જ્યોતિ
સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam

**જરી ભરતકામવાળી સાડી, ચણીયા ચોળી, હેંડ તથા મશીનવર્ક સાડીઓ, બાંધણી - ઘરચોળા કસબ, કટવર્ક, જરદોશી વર્કની બોર્ડરો તથા બ્લાઉઝ.**

**જ્યોતિ હવે માટુંગામાં જ !**
**દિવાળી સુધી રવિવારે પણ ચાલુ...**

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.),કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
**Tel.: 2404 3995 / 93222 58574**

**આદ્યતંત્રીઓ**

''પ્રકાશ''
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 42/2015**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com



નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.


### મુંબઈ મહાજનની તવારીખમાં ૮૨ વર્ષ પહેલાંની ઘટના :

## અહમ્‌નો ટકરાવ બંધારણથી વધુ મહત્વનો લાગે ત્યારે શું થાય તેના શકવર્તી ચુકાદાના બોધપાઠ હંમેશ યાદ રાખવા રહ્યા.

તંત્રી નોંધ : બંધારણ સમુદાયના સમાજ જીવનને વ્યવસ્થિત કરવા માટે હોય છે. કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિ પ્રગતિ શીલોએ નેમી કચ્છી સમુદાયમાં સૌથી પહેલાં આજથી ૧૩૧ વર્ષ પહેલો એટલે કે ઈ.સ. ૧૮૮૪માં જોડણ બંધારણ રજૂ કરી. ઈ. સ. ૧૮૮૫માં તેનો સ્વીકાર કરાવવામાં આવ્યો. જેમાં આજથી ૧૧૧ વર્ષ પહેલો એટલે કે ૧૯૦૪માં સુધારા વધારા થયા. એ પછી ઈ.સ. ૧૯૩૨માં (આજથી ૮૨ વર્ષ પહેલાં) એવી ઘટના બની કે મહાજનના કેટલાક આગેવાનોએ બંધારણનું મનગમતું અર્થઘટન કરીને એક અન્ય આગેવાનને નાત બહાર મૂકવાનો એટલે કે દરેક માટે પોતાના સમુદાય બહારનું જીવન વહુજ આકરું હોય એવા જમાનામાં નાત બહાર કરવાની સજા કરી.

મહાજનના આગેવાનોએ અહમના ટકરાવમાં બંધારણને બાજુ પર મૂકીને જે આકરી સર્જા કરી અને સામે તે આગેવાને અદાલતનો આશ્રય લીધો. મહાજનના આગેવાનોએ અહમ્ જાળવવા એટલો બધો ખર્ચો કર્યા કે મહાજનવાડીના વાસણો પર જપ્તી આવે એટલે સુધી વાત વણાઈ.

જોકે સમજદાર આગેવાનોએ બાજી સંભાળી લીધી પણ જ્યારે બંધારણ કરતા અહમ્‌નો ટકરાવ વધુ બળવત્તર થાય ત્યારે શું બને એ ધ્યાન રાખવા આજથી ૮૦-૮૩ વર્ષ પહેલાં શ્રી હંશરાજ વેલજી મોમાયાના તંત્રીપદે પ્રગટ થતા 'પ્રકાશ'માં થયેલ છણાવટ હંમેશ માટે યાદ રાખવા લાયક હોઈ તેનો મુખ્ય અંશ પ્રગટ કરીએ છીએ.

### પ્રાસંગિક : જંગેઆલી ન્યાતબહાર કેસ

કિન્નાખોરીની આગમાં હોમાઈ જનાર માણસના સર્વસ્વનો વિનાશ થઈ જાય, તેનું છેલ્યુ કફન પણ સાફ થઈ જાય; તેમ છતાં પણ એ આગમાંથી પ્રજળી ઉઠતો જ્વાળામુખી કદાપિ શાંત થતો નથી. એની ભયાનક જ્વાળાઓ, ઉષ્ણ રાખોડી અને ધુમ્રના પ્રચંડ તથા શ્યામ ગોટાઓ વચ્ચે ઘેરાઈ જનાર માનવકુળનું નામોનિશાન સૃષ્ટિની સપાટી પરથી ઉખડી જાય તો પણ એ કિન્નાખોરીના પેટાળમાં કદાપિ શાંતિ સ્થપાતી નથી, એ વાત સર્જન જૂની છે. અને જ્યારે મૂર્ખતાનો એ વસ્તુ સાથે મેળ સધાય છે, ત્યારે વટોળ, ઝંઝાવાત અને વિનાશનાં ભૈરવ ગાન ગાજે છે.ગૈરનો વિસ્તાર વધે છે અને સારીય સૃષ્ટિ પ્રલયકાળનાં તોફાનથી વિનાશને પંથે પડે છે.

કોઈપણ વ્યક્તિ યા સમાજ  આવા વાયુ અને આગ વચ્ચેના દ્વંદમા ઘેરાય છે, ત્યારે પ્રતિપક્ષોને જડમૂળથી ઉખેડી નાખવાના ઉન્માદ સેવતા એક પક્ષનો આગેવાન મહારથી જેવો બની જાય છે અને એવા ઉન્માદેજ સૃષ્ટિ મંડાણથી તે આજ સુધી વિનાશના સંહારક શંખ પૂંક્યા છે.

આપણી જ્ઞાતિમાં છેલ્લા બે વર્ષથી કિન્નાખોરીની ભુતાવળે દેખાવ દીધો છે, અને એના ભયાનક દ્વંદમાં પક્ષકારો કરતાં વચ્ચે ઝડપાનારને વધુ સહન કરવું પડ્યું છે. જેમ બે મદોન્મત ગજરાજના યુદ્ધમાં વૃક્ષોની સ્થિતિ અસહ્ય બની જાય છે, અને તેઓને જ સહન કરવું પડે છે, તેવી રીતે એક પચ્ચીશી પહેલાં કોમમાં પક્ષભેદના જે વિગ્રહ શંખ ફુંકાયા હતા તે વિગ્રહ હાલમાં પોતાના નગ્ન સ્વરૂપે પાછો દેખાયો છે. તેના છાંટા જ્ઞાતિ સમસ્તને ઉડ્યા છે અને કોમના સમય, શક્તિ તથા હજારો રૂપીયાની રકમની બરબાદી થઈ છે. તે વખતના મુંબઈની વડી અદાલતના વડા ન્યાયાધીશે પણ તે વખતે અદાલતોમાં ચાલતા દાવાઓમાં જ્ઞાતિજનોની મુર્ખતાને અનુલક્ષી ગંભીર ટીકાઓ કરી હતી.

વર્ષો પૂર્વેની એ યાદ આજે તાજી કરવાનુ કારણ માત્ર એટલુંજ છે કે સમય પછી જ્ઞાતિની કેળવણી, સંસ્કાર અને સમય પરિવર્તનને પીછાનવાની વ્યવહારૂ બુદ્ધિમાં આજે સારો વિકાસ થયો હોવા છતાં આપણે તે જમાનાનું પુનરાવર્તન કરી રહ્યા છીએ. ભૂતકાળમાં વડીલોએ કરેલી ભૂલો આપણે પુનઃ કરી રહ્યા છીએ અને ખેદની વાત તો એ છે કે આમ બની રહ્યું છે તેની પાછળ માત્ર પેટભરૂ નીતિ પૂરતો નીચ હેતુ વ્યવસ્થિત રીતે કામ કરી રહ્યો હોય તેમ જણાય છે.

મેઘજી હિરજી જંગેઆલી વિ. મહાજનવાળા દાવાનો ભડકો અદાલતને આંગણે એકવાર બુઝાયા પછી પુનઃ ગઈ તા. ૨૭ મી માર્ચના રોજ સીક્કે રદ ગઈ છે. કોઈપણ વ્યક્તિના વિચાર

સ્વાતંત્ર્ય સામે કરવામાં આવતા અન્યાયી તથા એકતરફી હુમલાના ફેજનું આ એક કરૂણ દૃષ્ટાંત છે. કિન્નાખોર સ્વભાવ, મુર્ખતાની પરાકાષ્ઠા અને વ્યક્તિસ્વાતંત્ર્યની ખુલ્લી અવગણના કરવામાં આવી, એક વ્યક્તિને સ્વતંત્ર વિચાર રજુ કરવાના અપરાધ (?) બદલ દંડની અથવા જ્ઞાતિ બહાર થવાની સજા ફરમાવવામાં આવી, સજા સામે કહેવાતા ગુનેગારે સરકારી અદાલત પાસે ન્યાય માગ્યો અને મહાજનનું ફરમાન બંધારણ વિરૂદ્ધનું ઠરાવી રદ કરાવ્યું. આખાય પ્રકરણનો આ ટુંક સાર છે.

જ્યારે જ્યારે કોઈપણ વ્યક્તિના વિચાર સ્વાતંત્ર્ય પર હુમલો થાય છે, જ્યારે જ્યારે કોઈને પોતાના વિવેકી તથા સ્વતંત્ર વિચારો બદલ અયોગ્ય શિક્ષા સહન કરવાનો પ્રસંગ આવી પડે છે, ત્યારે ત્યારે એવી શિક્ષા સામે બળવાનો પોકાર પડે છે, એ શિક્ષા સામે પ્રતિકારનો દંડ ઉંચો કરવા કોઈપણ સ્વમાનપ્રિય વ્યક્તિ તત્પર થાય છે અને આખરે આવા અન્યાયનું પરિણામ આપત્તિજનક આવા અન્યાયી વલણ ધરાવનાર ઓને સહન કરવું પડે છે. મહાજન સંસ્થાને અત્યાર અગાઉ અનેકવાર તેના કાર્યકર્તાઓની અન્યાયી વલણને પરિણામે સહન કરવું પડે છે.

પ્રસ્તુત મુકદમાની ઉત્પત્તિ, બન્ને પક્ષોએ તેમાં પોતાની પ્રબળતા સાબીત કરવા માટે ચલાવેલી લડત, તેમાં આગળ પડતો ભાગ ભજવનાર વ્યક્તિઓ, તે પાછળ નાણાં તથા સમયની થએલ બરબાદી તથા ઉપસ્થિત થયેલ અનેક ચર્ચાસ્પદ પ્રશ્નોઃ એ બુધુ જોતાં જનતાને તેમાંથી ઘણ જાણવાનું, વિચારવાનું મળે તેમ છે. મુકદમાના મૂળમાં રહેલી નગ્ન હકિકતો તથા તેના પરિણામે ઉભા થયેલા સંજોગો પર વિચાર કરનાર-વસ્તુસ્થિતિનું મંથન કરનારને સાફ સાફ જણાઈ આવશે કે આ આખુંય પ્રકરણ ચોક્કસ રીતે આપણી વર્તમાન સ્થિતિને આફતમાં મૂકનાર નીવડ્યું છે.

મહાજનના કોઈ અધિકારીની બદનક્ષીને મહાજનની બદનક્ષી તરીકે સમજી લેવી એ એક પ્રકારની ગંભીર ભૂલ છે. યાદ રાખવું જોઈએ કે અધિકારીઓ આવ્યા અને ગયા, આવશે અને જશે, પણ મહાજન તેનું તે જ છે, તે જ રહેશે.

એક વ્યક્તિ બીજી વ્યક્તિને વાંધા ભરેલી રીતે હલકી પાડે, તેની માનહાનિ કરે કે તેવું કંઈ પણ કરે પરંતુ જો ટીકા પ્રમાણિક ને શુદ્ધ ભાવથી જાહેરના હિત માટે કરવામાં આવી હોય તો તેમાં કશું બદનક્ષી ભર્યું નથી.

રા. જંગેઆલીની પ્રવૃતિઓ જોડે અમને કંઈ જ સંબંધ નથી. ન તો તેમના વિચારો તથા કાર્યોનું સમર્થ ન કરવા, પ્રશંસા કરવા કે ટીકા કરી વખોડવા માગીએ છીએ કે મહાજનના અન્યાયી ઠરાવ સામે અદાલતને આંગણે પહોંચવામાં તેઓ સાચા જ હતા. તેમનું આ હિંમતભર્યુ પગલું જાહેરહિતમાં અગત્યનો ભાગ ભજને છે અને તે બદલ અમે તેમને મુબારકબાદી આપવામાં પણ મુદલ સંકોચાતા નથી.

મહાજનના અભિમાની અને ઉછાંછળા અધિકારીઓની ખોટી જીદનું આ પરિણામ આવ્યું છે. આ મુકદમાના આખરી મુકાદા પછી જ્ઞાતિ વધુ કરજદાર બની છે– વિના લેવા દેવા જ્ઞાતિ


KDO
અણમોલ જ્ઞાતિ – અનંત ગૌરવ

**શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર**
**અને તેના સાધારણ ફંડો**
૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, ખારેક બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૯.

**પ્લોટ જોઈએ છે**

**શ્રી ક.દ.ઓ જૈન જ્ઞાતિજનો માટે આવાસ યોજના કરવા આશરે ૧,૫૦,૦૦૦ (દોઢ લાખ) થી ૨,૦૦,૦૦ (બે લાખ) ચો. ફૂટનો પ્લોટ બૃહદ મુંબઈ, નવી મુંબઈ કે થાણા જિલ્લામાં માલિકીના ધોરણે જોઈએ છે.**

**તથા**

**ડોંબિવલી મધ્યે હૉલ બનાવવા માટે ૪૦૦ થી ૫૦૦ ચો. મીટરનો પ્લોટ માલિકીના ધોરણે જોઈએ છે.**

**ઉપર મુજબ પ્લોટ/પ્લોટો અપાવનારને યોગ્ય વળતર આપવામાં આવશે.**

KDO
અણમોલ જ્ઞાતિ – અનંત ગૌરવ

**શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર**
**અને તેના સાધારણ ફંડો**
૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, ખારેક બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૯.

**એડવોકેટ – મહેતાજી જોઈએ છે**

(1) Full Time **ADVOCATE** minimum 2 years exprience for attending court matters, deal with BMC, MHADA, various departments / concerned authorities etc.

(૨) **દેરાસરજી માટે ગુજરાતી નામા ના જાણકાર મહેતાજી (કમ્પ્યુટરનું જ્ઞાન વધારાની લાયકાત) ૨–૩ વર્ષનો અનુભવ જરૂરી.**

**સ્વ-હસ્તલિખિત અરજી (અપેક્ષિત પગાર સહિત) બાયોડેટા સાથે ઉપરોક્ત સરનામે અથવા ઈ-મેલથી anantnathtrust@gmail.com પર મોકલવી.**

પર આફતના ઓળા ઉતર્યા છે અને ગરીબ જ્ઞાતિ જનોના પાઈ પેસા સીંચાઈને બનેલું જ્ઞાતિફંડ કેટલાક કાર્યકરોના પ્રતાપે ૩૫-૪૦ હજારના ખાડામાં ઉતરી ગયું છે.

અગાઉ વારંવાર 'પ્રકાશ'માં અમે એવા અધિકારીઓથી ચેતવાની તથા તેઓને તેઓના સ્થાન પરથી પદભ્રષ્ટ કરવાની જ્ઞાતિજનનોને સૂચના આપી ગયા છીએ અને હજી પણ કહીએ છીએ કે પોતાની મનસ્વિતાના બેલગામ ઘોડા દોડાવી મહાજનને પોતાની ઈચ્છા મુજબ નચાવી વિનાશને પંથે ઘસડી જતા આગેવાનોથી જ્ઞાતિજનો વેળાસર ચેતે.

જો આગેવાનો સાચા અને પોતાની જાહેર જવાબદારી સમજનારા હોત, ઠરેલ, સહિષ્ણુતાવાળા હતે તો જે વખતે રા. જંગેઆલીના કાગળો પરથી 'રજનું ગજ' થયું તે વખતે જ આ પ્રકરણે પ્રમુખને એ વખતે વતાવટ સુઝી હતે.

| પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર | | | |
|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |
| ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા | | | |

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write seprate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers- Just give your Subscription Number for New Subscribers - Give full address as per above guidlines
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ પૂરું સરનામું ઉપર મુજબની સુચના પ્રમાણે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of
**"C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવું.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.

ના. કોર્ટની ટીકા પછી કોઈપણ જ્ઞાતિબંધુ એટલું તો જરૂર સમજી શકશે કે હાલના મહાજનના અધિકારીઓ મહાજનને સાચે માર્ગે દોરવામાં તદન નિષ્ફળ નીવડ્યા છે અને જ્યારે હકિકત આ પ્રકારની છે, ત્યારે જ્ઞાતિજનોની ફરજ શી છે ? વળી બીજી વાત એ છે કે મહાજનના ચોક્કસ અધિકારીઓની જોહુકમીને તેના અન્ય અધિકારીઓએ શા માટે ચલાવી લીધી ? તેઓએ અન્ય અધિકારીઓનાં હાનિકારક પગલાનો શા માટે પોતાના સ્થાનથી ખસી ન ગયા ? પરંતુ તેઓએ જે વલણ લીધી તે જોતાં તો અન્ય અધિકારીઓ સાથે થોડા તેઓ પણ જવાબદાર જ ઠરે છે.

વળી જ્ઞાતિજનોની આ પ્રકરણ પછી ફરજ સ્પષ્ટ થાય છે કે જ્યારે આખાયે અધિકારી મંડળની સ્થિતિ આ પ્રકારની છે ત્યારે એવા અધિકારી મંડળદ્વારા મળતી નિષ્ફળતામાંથી જ્ઞાતિનો બચાવ કરવો. તેઓએ વિચારવું જરૂરી છે કે મહાજન જ્ઞાતિ-કલ્યાણ અર્થે છે. જ્ઞાતિના હિતની રક્ષા માટે મહાજન છે, નહિ કે જ્ઞાતિને અવળે રસ્તે દોરી તેની પાયમાલી કરવા માટે. આમ છતાં જ્યારે આવું જ બને તો એવા અધિકારીઓની મહાજન મંડળમાં જરૂર નથી.

ત્યારે પ્રશ્ન એ થાય છે કે મહાજન મંડળમાં કેવા અધિકારીઓ હોવા જોઈએ ? **જ્ઞાતિને જરૂર છે, તે વિશ્વાસપાત્ર અને મહાજનનું કલ્યાણ કરવાની સર્વદેશીય ભાવનાવાળા અધિકારીઓની** એવો અધિકાર ચલાવવાને લાયક કોઈ વ્યક્તિઓ આપણે ત્યાં છે કે ?

જેઓ જ્ઞાતિના વિશ્વાસને લાયક છે, જાણકાર તથા અનુભવી છે અને બુદ્ધિશાળી છે એવો એક વર્ગ શક્તિશાળી હોવા છતાં જ્ઞાતિક્ષેત્રને સંકુચિત માની જ્ઞાતિની આવી બાબતો તરફ ઉપેક્ષાની નજરે જુએ છે અને આવી વસ્તુમાં રસ નથી. એથી જ્ઞાતિ બંધુઓ ગમે તેવાને પોતાના અધિકારી તરીકે નીમે છે. આ નીમાનારાઓમાં જુના વિચારનાઓ 'ચાલતું એટલે તેઓના સ્થાન પર જ્ઞાતિએ નવા વિચારવાળાઓને નીમ્યા. તો આ નવા વિચારવાળા જ્ઞાતિના સેવક બનવાને બદલ 'ડિક્ટેટર' બની બેઠા, ત્યારે પ્રશ્ન એ જ થાય છે કે હવે આવા સંજોગોમાં જ્ઞાતિએ શું કરવું ?

**અમને તો લાગે છે કે જેઓ શક્તિશાળા છે, છતાં ઉદાસ બનીને જ્ઞાતિ પ્રવૃત્તિઓમાં ભાગ ન લેતાં તટસ્થપણે જોયા કરે છે એવાઓએ બહાર આવી મહાજનનનું સુકાન હાથ કરવું ઘટે.**

લેખ બંધ કરતા અમે એટલુંજ જણાવશું કે મહાજનના અધિકાર લેવા યોગ્ય વ્યક્તિ જો તૈયાર ન હોય, અથવા એવી વ્યક્તિઓ આપણને મળી શક્તિ ન હોય, તો આ રીતે મહાજનની સ્થિતિ દિનપ્રતિદિન વધુ ખરાબા તરફ ઊતરે તે પહેલાં જ મહાજન સંસ્થા અને તેના અધિકારની પ્રથા બંધ પાડી એ અધિકારને અનંતનાથજીના અપાસરાની એક અંધકારપૂર્ણ ખોલીમાં તાળું મારી પૂરી દેવાં કે જેથી મહાજનનું વધુ અહિત થતું અટકે-જ્ઞાતિજનોનાં સમય, શક્તિ અને પૈસાની ભયંકર દુર્દશા બંધ પડે.

# K.D.O. GLOBAL SUMMIT
# ON
# IT & EMERGING BUSINESSES

at **TAJ VIVANTA** (5 Star Hotel) Yashvantpur, Bengaluru
**on 8th & 9th January, 2016**

## HIGH LIGHTS

- KDOs above the age of 18 (complete) are eligible to participate.
- Seats limited. So registration will be done on first- come first- served basis.
- Language of communication will be English.
- Stay of all the participants, **including from Bangalore,** will be in TAJ VIVANTA only.
- Preferred dress for gents will be a formal suit or a blazer and for ladies Sarees;
- All should **positively reach Bengaluru by the night of 7th Jan.** & dine & stay at TAJ. Early morning arriving on 8th will cost the same and room will be given at 1400 hrs.
- The Participants will have **to leave the hotel by evening of 9th January. However, formal check out time will be 12.00 pm of 9th only.**
- The charges per person, for stay of two days, including food etc. will be as under:-

| S.NO | Occupancy in a Room | Regn. On/ Before 30-11-2015 | Regn. After 30-11-2015 |
|---|---|---|---|
| 1 | Triple | Rs. 2200/- | Rs. 2700/- |
| 2 | Double | Rs. 3300/- | Rs. 3800/- |
| 3 | Single | Rs. 6600/- | Rs. 7300/- |

- While registering, please give the names of the participants with whom you would like to share room – triple or double occupancy.
- There will be no other charges. However, personal expenses such as telephone, Mineral water, laundry etc. will be paid directly by participants before checkout.
- Travelling expenses will be borne by the participants.
- Registration will be done online on payment of the prescribed amount.
- Usual terms and conditions of the Hotel and the Summit will be applicable.
- All other details relating to this Summit are on **www.kdoglobalsummit.com**

**Organisers: KDO Jain Mahajans, Bengaluru, Mumbai, Chennai & Hyderabad & Shri KDO Jain Welfare Trust, Pune**



## પ્રશ્નો આપણા/આપના : માર્ગદર્શન પૂજ્ય જયદર્શિતાશ્રીજીનું

**પ્રકાશ સમીક્ષાના આમંત્રણથી પૂ.સા.શ્રી ડૉ. જયદર્શિતાશ્રીજી મ.સા.એ ધર્મ અંગે સાચી સમજ કેળવવા ઈચ્છતા શ્રાવક-શ્રાવિકાઓ માટે તેમના પ્રશ્નોના સરળ ઉત્તર આપવાનું સ્વિકાર્યું છે. જ્ઞાતિજનોને તેમના ધર્મ જ્ઞાનનો પુરો લાભ લેવા નમ્ર વિનંતી.**

**શ્રાવક-શ્રાવિકાઓને પોતાના પ્રશ્ન પ્રકાશ સમીક્ષાની ઓફિસને સરનામે કે E-mail ID : kdoprakash@gmail.com પર મોકલવા, જેના ઉત્તર તેની અગત્યતા પ્રમાણે અપાશે.**

**પ્રશ્ન - અચલગચ્છમાં નવકાર મંત્રમાં હોઈ મંગલં નો પાઠ આવે છે. એ માટે કોઈ આગમ પ્રમાણ છે?**

ઉત્તર- નવકારમંત્રના નવપદમાં પ્રથમ પાંચ પદ મૂળ મંત્ર છે. જ્યારે છેલ્લા ચાર પદો નવકાર મંત્રની ચુલિકા છે. ચુલિકાએટલે મંત્રના ફળને અથવા મંત્રના પ્રભાવને જણાવનાર પદો. આગમ ગ્રંથોમાં નવકાર મંત્રનાપાંચ જ પદો છે. એમાં ક્યાંય ચુલિકાના ચાર પદો નથી. ભગવતીની સંક્ષિપ્ત વાચનામાં "પઢમં હોઈ મંગલં" સુધીનો પાઠ છે. સૂયગડાંગ ચૂર્ણિ તથા કલ્પચૂર્ણિની બધી જ મૂળ પ્રતોમાં સંપૂર્ણ નવપદ મુક્ત નવકાર તથા અંતે પઢમં હોઈ મંગલં એવો પાઠ જોવો છે. આવશ્યક ચૂર્ણિની પણ ઘણી બધી પ્રતોમાં સંપૂર્ણ નવ પદ યુક્ત નવકાર તથા અંતે "પઢમં હોઈ મંગલં" પાઠ જોવા મળે છે.

આ બધા કારણોથી અચલગચ્છ પ્રવર્તક પૂજ્યપાદ આર્યરક્ષિતસૂરિ મહારાજાએ ગ્રંથ સાક્ષીઓ સાથે "હોઈ મંગલ" ને માન્યતા આપી છે. એથી કોઈ અર્થ ભેદ થતો નથી તેમજ એ માન્યતા આગમ વિરૂધ્ધપણ કહી શકતી નથી.

**પ્રશ્ન - અચલગચ્છમાં પૂનમ-અમાસને જ પકુખી તથા પૂનમના જ ચોમાસિ પકુખી કરવામાં આવે છે. એના માટે કોઈ આગમ પ્રમાણ છે?**

ઉત્તર - ચાર પર્વતિથી કહેવામાં આવી છે. આઠમ, ચૌદશ, પૂર્ણિમા અને અમાવસ્યા એ ચાર સર્વ માન્ય પર્વતિથિઓ છે.

પાક્ષિક ચૂર્ણિમાં કહ્યું છે કે - "દરરોજ વિશુધ્ધિ કરવા છતાં પણ પક્ષાંત (એટલે જ પક્ષનો અંત) આવતાં વિશેષ પડિકમણું કરવું." હવે સમજુ વ્યક્તિએ વિચાર કરવાનો છે કે પક્ષનો અંત ક્યારે ? ચૌદસના ? કે પૂનમ અને આમાવસ્યાના ?

જ્યોતિષ્કરંડાદિક ગ્રંથોમાં પક્ષનો અંત પંદરમી તિથિએ જ કહ્યો છે. તેથી પાક્ષિક (પકુખી) પ્રતિક્રમણ પૂનમ અમાવસ્યાને જ ઘટે છે.

દશાશ્રુતસ્કંધચૂર્ણિ, વ્યવહાર ચૂર્ણિ, પાક્ષિકચૂર્ણિ, પાક્ષિકવૃત્તિ તથા આવશ્યક ટિપ્પનક આદિ ગ્રંથોમાં પકુખી અને ચૌદશ જુદી જ કહેલી છે. તેની સાક્ષીઓ નીચે મુજબ છે.

દશાશ્રતસ્કંધ તથા વ્યવહાર ચૂર્ણિમાં "પાક્ષિક તથા પૌષધિક દિવસોમાં તપ કરવું- કરાવવું" એનું વિવેચન કરતા લખે છે કે "પાક્ષિક એટલે અર્ધમાસપર્વ" (અર્ધમાસ પર્વ ક્યું આવે ? ચૌદસ કે પુનમ- અમાવાસ્યા ?)


: શ્રી આદેશ્વર દાદાય નમો નમ:

**શ્રી કચ્છ આરીખાણા ગામે વાછરાદાદાના પ્રતિષ્ઠા મહોત્સવે પધારવા ગામવાસીઓ તેમજ નિયાણી બહેનોને ભાવભર્યુ આમંત્રણ**. કારતક વદ ૫ સોમવાર તા.૩૦.૧૧.૧૫ના સવારના ૮.૦૦ કલાકે વાછરાદાદાના નવનિર્મિત મંદિરના પ્રતિષ્ઠા મહોત્સવે પધારશોજી.

**લી. *શરદ લાલજી શિયાળ,મુલુંડ * મયંક પ્રવિણ લોડાયા, મુલુંડ**

:શ્રી મહાવીરાય નમો નમ:

**શ્રી કચ્છ રાણપુર ગામે હનુમાનજી તથા વાછરાદાદાની પ્રતિષ્ઠા મહોત્સવે સર્વેને પધારવા ભાવભર્યુ આમંત્રણ.** પોષ વદ ૬ શનિવાર તા ૩૦.૦૧.૨૦૧૬ના સવારના ૮.૦૦ કલાકે થી વીર હનુમાનજી તથા વાછરાદાદાના નવનિર્મિત મંદિર પ્રતિષ્ઠા મહોત્સવે સર્વેને પધારવા આમંત્રણ છે.

**લી. *રાજેશ હીરાચંદ મોમાયા (રાણપર)લાલા, *દિપક વિસનજી મોમાયા (રાણપર) લાલા, *પ્રવિણ કુંવરજી મોતા ડોંબિવલી, * કિરણ લાલજી દંડ-મુલુંડ**

: શ્રી શાંતિનાથાય નમો નમ:

**શ્રી કચ્છ ખીસરા ગામે (કોઠારા અને સાંધવ નજીક) વાછરાદાદાની પ્રતિષ્ઠા મહોત્સવે સર્વેને પધારવા ભાવભર્યુ આમંત્રણ**. મહા સુદ ૧૫ સોમવાર તા.૨૨.૦૨.૨૦૧૬ના સવારના ૧૦.૦૦ કલાકે વીર વાછરાદાદાના નવનિર્મિત મંદીરના પ્રતિષ્ઠા મહોત્સવે સર્વેને પધારવા ભાવભર્યુ આમંત્રણ છે.

**લી.* જયેશ માણેકજી લોડાયા-સાંધવ-મુલુંડ, * મુકેશ ખીમજી દંડ-સાંધવ-વાપી, * રાજેશ દામજી દંડ - સાંધવ-મુલુંડ**

## વિવિધ સંઘોની તપસ્વી યાદી

**વડાલા**

૮ ઉપવાસ

સ્મીત હિતેન્દ્ર ભવાનજી ગોસર (બારોઈ)

કુ. યશ્વી રાજેશ શામજી લોડાયા (જખૌ)

કુ. પ્રિશા રાજેશ ધરમશી (સેવક ભરૂડીયા)

રાજેશ કાંતીલાલ ધરમશી (સેવક ભરૂડીયા)

ચિ. ચિરાગ પ્રકાશ લોડાયા (સાંયરા)

મનીષ વાલજી ધરમશી (કોઠારા)

**બેલ્લારી**

૮ ઉપવાસ

સૌ. હીના રાજેશ મુનવર

રાજેશ સોમચંદ મુનવર

**કલકત્તા**

રિધ્ધિ જયંતભાઈ ધુલ્લા

**સાંયરા**

શ્રેણી તપ

પૂ.સા.શ્રી ઋજુપ્રજ્ઞાશ્રીજી મ.સા.

નારાણજી દેવજી નાગડા

નીતાબેન સોમચંદ કુંવરજી લોડાયા (સાંયરા)

રિધ્ધિતપ

વાસંતીબેન શૈલેન્દ્ર નારાણજી નાગડા (જલગામ)

૧૬ ઉપવાસ

રાજુલાબેન નિલેશ કારણી (સુથરી)

૮ ઉપવાસ

પદમશી કુંવરજી રાઘવજી લોડાયા

શ્રીમતી પ્રમીલાબેન પદમશી લોડાયા

હિતેશ પદમશી લોડાયા

દર્શના હિતેશ લોડાયા

કલ્પના મુકેશ નાગડા (પરજાઉ)

છાયા ચંદ્રેશ ધુલ્લા (સુથરી)

દિપિકા અંબર ગાલા (આંતરમળ)

ખેતબાઈ શિવજી મૈશેરી (બાંઢિયા)

નવીન રાયશી મૈશેરી (બાંઢિયા)

વિજય નારાણજી ધરમશી

વૈશાલી વિજય ધરમશી

બીપીન લક્ષ્મીચંદ મોમાયા

પ્રાંજલ બીપીન મોમાયા

રેખા પરેશ લોડાયા

મુકેશ લક્ષ્મીચંદ શામજી મોમાયા

હેમંત લહેરચંદ મોમાયા

હીનાબેન હિતેશ મૈશેરી (અમદાબાદ)

જતીન ટોકરશી ખોના (જલગામ)

મનીષા કમલેશ મોતા (ઓરંગાબાદ)

(વિશેષ ઉલ્લેખ સિવાયના બધા સાંયરા)

## પાસ થયા અભિનંદન



**વિનય જયશ્રી તરૂણ ખોના**

સાંધવ - ઘાટકોપર

B.Sc. (I.T.) અને

T.Y.B.Sc. (I.T.) માં **64.84%**

।। શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ।। ।। શ્રી શાંતિનાથાય નમઃ ।।

# કચ્છી જૈન ફાઉન્ડેશન પ્રેરિત

## શ્રી કચ્છી જૈન ફાઉન્ડેશન જૈન સંઘ લારકીન્સનગર-ડોંબિવલી

## પર્યુષણ મહાપર્વ - ચૈત્ય પરિપાટી

રાષ્ટ્રસંત ભારત દિવાકર, અચલગચ્છાધિપતી **પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગર સૂરિશ્વરજી મ.સા.** તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ **પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.** સાહિત્ય દિવાકર **પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.** ના આશિષથી પર્યુષણ મહાપર્વનો જામ્યો હતો રૂડો રંગ, પર્યુષણ મહાપર્વ રૂડી રિતે ઉજવાયું. આરાધક બેન **શ્રીમતી નિર્મળાબેન કિશોર કારાણી-ડુમરા** અને **કુ. કોમલબેન ખેરાજ ગાલા-ડુમરા** આરાધના કરાવવા પધાર્યા હતા. કોઇપણ ચડાવા ન બોલતા માત્ર લક્કી ડ્રો વડે કલ્પસૂત્ર પોથી, ૧૪ મહાસ્વપ્ના, પ્રભુજીનુ પારણુ, દ્વાર ઉદ્ઘાટનના લ્હાવા આપવામાં આવ્યા હતા.

મહાવીર જન્મ કલ્યાણ દિવસે લાડવાની પ્રભાવના **માતુશ્રી લક્ષ્મીબેન લખમશી હરીયા હસ્તે અતુલભાઇ ગામ-કોટડા રોહા** તરફથી કરવામાં આવી હતી. વ્યાખ્યાન બાદ પ્રભાવાના તથા પાંચમ ના પાવન દિવસે **શ્રીફળની પ્રભાવના શ્રી કચ્છી જૈન ફાઉન્ડેશન જૈન સંઘ** તરફથી રાખવામાં આવી હતી. **તપસ્વીના સામૂહિક પારણા શ્રીમતી જીજ્ઞા વિજય છેડા** ગામ-સુજાપુરવાળાએ લાભ લીધેલ.

પર્યુષણ મહાપર્વ બાદ **ચૈત્ય પરિપાટી**નું આયોજન કરવામાં આવેલ. તપસ્વીઓને નિઃશુલ્ક યાત્રા કરાવવામાં આવેલ. જેમાં તલેગાવ : શ્રી પાર્શ્વપ્રજ્ઞાલય તીર્થ, શ્રી કલશ તીર્થ, કાત્રજ : શ્રી આગમ મંદિર, શ્રી ભક્તામર તીર્થ, શ્રી શત્રુંજય તીર્થની પંચ તીર્થો કરાવવામાં આવ્યા હતા. સર્વે લાભાર્થી દાતાશ્રી પરિવારની ખુબ ખુબ અનુમોદના !!!

### :: ચૈત્ય પરિપાટી ના લાભાર્થી પરિવાર ::

| | |
|---|---|
| **બસના દાતાશ્રી** પરિવાર | : **માતુશ્રી ભગવતીબેન જખુભાઇ નંદુ** (ગામ-નાના ભાડિયા) હસ્તે : હેપી હોમ |
| **નવકારશીના દાતાશ્રી** પરિવાર | : **શ્રી રાયચંદ દેવશી જીવાણી** (ગામ-જખૌ), |
| **સાધર્મિક ભક્તિ**ના **દાતાશ્રી** પરિવાર | : **માતુશ્રી તારાબાઇ માણેકજી મોતા પરિવાર** (ગામ-રાપર ગઢવારી) |
| **ચૌવિહારના દાતાશ્રી** પરિવાર | : **શ્રી જેઠાલાલ ઘેલાભાઇ ગડા પરિવાર** (ગામ-મોટા આસંબીયા) |

## કમલેશ મોતાના રંગભુમિ પ્રવેશના ૩૦ વર્ષ પૂર્ણ થવા તથા ૧-૯-૨૦૧૩નાં ૫૦માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે બહુમુખી પ્રતિભા પરિચય મુંબઈ સમાચાર સાપ્તાહિકની થર્ડબેલ કૉલમમાં પ્રગટ થયેલ તેમની કેફિયત

પળ પળ બદલાતા સમય સાથે મારા સ્વાંગ પણ બદલાઈ રહ્યા છે. હું ક્યારેક 'કલાપી' નાટકમાં લાઠીનો મહારાજા કલાપી છું તો ક્યારેક 'અમારી દુનિયા, તમારી દુનિયા' નાટકમાં માત્ર અંતમાં દેખાદેતો બૂટપોલિશ કરવાવાળો સજા છું. 'કાનજી વિરુદ્ધ કાનજી'માં સામાન્ય માનવીને દેખા દેતો અને ધર્મગુરુઓને નાચ નચાવતો મોડર્ન કૃષ્ણ પણ હું જ અને 'પ્રમેય'માં અસામાન્ય પ્રોફેસર તરીકે ગણિતની ગણતરીઓમાં જીવનનો હિસાબ ચૂકી ગયેલો આધેડ વયનો સામાન્ય પિતા પણ હું જ. ક્યારેક હું અભિનેતા છું તો ક્યારેક દિગ્દર્શક પણ છું. દિગ્દર્શક તરીકે લેખકના વિચારોને વાચા આપવી અને પાત્રમાં આરોપાયેલી ભાવનાઓને જીવંત બનાવવી. મંચ પર એ જ મારું ધ્યેય. વિવિધ પાત્રો, રંગમંચ પર વીતતી દરેક ક્ષણ મારા જીવનનું અભિન્ન અંગ બની છે. ૧૯૮૩ થી શરૂ થયેલી કલાયાત્રા દરમિયાન નાટ્યકલામાં આવેલા અનેક પરિવર્તનોનો હું સાક્ષી બનતો રહ્યો છું. એ અનુભવને આધારે જ કહી શકું છું કે પરિવર્તન માત્ર સંસારનો જ નહીં, નાટકનો પણ નિયમ છે. પરિવર્તન થકી નાટકની રસિકતા જળવાઈ રહેતી જોઈને મને નવીન પ્રકારના નાટ્યપ્રયોગો હંમેશાં આકર્ષિત કરતા રહ્યા છે.

રંગમંચ પર મારો પ્રવેશ થયો ભારતીય વિદ્યા ભવન-કલાકેન્દ્ર અને આઈ.એન.ટી.ની ઈન્ટરકોલેજિયેટ ડ્રામા કોમ્પિટિશનથી. એકાંકીનું નામ, 'ગધે પે નિકલી સવારી' અને સરપંચનો રોલ. નાટક ફાઈનલ્સમાં સિલેક્ટ થયું. પહેલી વાર નજર સામે, હોલને પ્રેક્ષકોથી ખીચોખીચ થતો જોયો. કલાના કદરદરનોની તાળીઓ નાટકને જિતાડી ગઈ અને હું નાટ્યજગત પર દિલ હારી બેઠો. તાળીઓની ગુંજ મારી પ્રેરણા બની. સ્પર્ધા જીતતાં જ એકાંકીના ૫૦ શૉ ગોઠવાયા અને નાટ્યકલા મારું કાર્યક્ષેત્ર બની ગયું.

મારા માટે ત્રણ દીવાલો વચ્ચે ભજવાતું નાટક એ માત્ર છીછરું મનોરંજન પૂરું પાડવાનું કે પૈસા કમાવાનું માધ્યમ નથી. એટલે જ રંગમંચના મર્યાદિત વિકલ્પોની પાર જઈને મને નવીન પ્રકારના પ્રયોગો હાથ ધરવા ગમ્યા છે.

કલાકારોમાં છુપાયેલી અભિનયપ્રતિભાને બહાર કાઢવા માટે જરૂરી ટ્રેઈનિંગ અને મહેનત મૂકવામાં હું સતત જાગૃત રહું છું. આ બધું જોતાં મેં અભિનય કર્યો હોય કે દિગ્દર્શન, પરંતુ નાટ્યસ્વરૂપ, દશ્યરચના, પાત્રોની જીવંતતા અને વાર્તાની રસિકતા થકી જીવન જીવવાની ફિલોસોફી છતી કરતાં નાટકોએ મારા દિલમાં સદાને માટે સ્થાન લીધું છે. 'નરસૈયાનો નાથ', ઓળખાણ 'ગુરુબ્રહ્મા', 'કાચના સંબંધ', 'સરસ્વતી ચંદ્ર', 'અમારી દુનિયા તમારી દુનિયા', 'મુક્તિધામ', 'દીકરી વહાલનો દરિયો', 'પ્રમેય', 'શ્યામપ્રિયા' આ નાટકો વિશેષ ઉલ્લેખનીય રીતે પ્રેક્ષકોનાં દિલમાં લાગણીઓનું પૂર લાવી શક્યાં.

'નરસૈયાંનો નાથ' એમાં ઉજાગર થતી ભગવાન અને ભક્તની મૈત્રી, મારું છે એ ક્યારેય મારી પાસેથી જવાનું નથી અને જે ગયું એ ક્યારેય મારું નહોતું. 'મૃત્યંજય'ના એક નાનકડા વાક્યમાં સમાયેલી જીવન જીવવાની ફિલોસોફી, સંસારમાં પ્રેમ અને સત્તાની પરિભાષા સમજાવતું 'સરસ્વતી ચંદ્ર', મા-દીકરાના સંબંધને દુઃખની કસોટી પર ચકાસતું 'મુક્તિધામ', લાગણીઓના સાગર સમું 'કાચના સંબંધ', કવિતાઓ થકી રાજવી પ્રેમ અને રાજસી અનુભૂતિ કરાવતું 'કલાપી', કેન્સરથી પીડાતી નાનકડી બાળકીનું ઈમોશનલ ડ્રામા આકારિત કરતું હિંદી નાટક 'હમ નીલ ગગન કે પંછી', ધર્મ પ્રત્યેની અંધશ્રદ્ધા અને વિવશતા ઉઘાડા પાડતું 'કાનજી વિરૂદ્ધ કાનજી', બાપ-દીકરીના સંબંધમાં છલકાતી અજાણ જિજીવિષા આલેખતું 'દીકરી વહાલનો દરિયો' તથા 'પ્રમેય' અને રાધા-કૃષ્ણના પાવન પ્રેમ થકી આજના જુવાનિયાઓને સાચા પ્રેમની પરિભાષા સમજાવતું અને મોડર્ન યુગમાં પણ પરિણીત જીવનને સદાકાળ પ્રેમથી હર્યુંભર્યું રાખવાનો સહજ અને સરળ માર્ગ ચીંધતું હિંદી નાટક 'શ્યામપ્રિયા'. આ નાટકોએ મારા જીવનમાં વિશેષ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

ભારતીય વિદ્યા ભવન કલાકેન્દ્રની આઈ.ટી.ડી.સી.થી શરૂ થયેલી મારી કારકિર્દી આજે અનુભવની ખાણ સમી બની છે. કલાકેન્દ્ર સાથે સતત કાર્યરત રહેવાને કારણે વિવિધ લેખકો, એક્ટર્સ, સાહિત્યકારો સાથે સંબંધ બંધાતા રહ્યા છે. ગિરીશ દેસાઈ બાદ સંસ્થામાં પ્રોગ્રામ ડિરેક્ટરના પદે નિયુક્ત થયા અને એ જવાબદારી નિભાવતાં, અલગ અલગ વ્યક્તિઓ અને એમનાં વ્યક્તિત્વનાં વિવિધ પાસાંઓને ઓળખવાનો મોકો મળતો રહ્યો છે. મારા જીવનના મજબૂત ચણતરનાં પાયામાં મુનશીજીએ સ્થાપેલી મહાસંસ્થા, ભારતીય વિદ્યા ભવનના વિશેષ આશીર્વાદ છે.

મંચ પર વીતેલાં વર્ષો અને નાટ્યજગતની મારી સફરે મને નાટ્યકર્મી હોવા પર ગર્વની અનુભૂતિ કરાવી છે. નવલકથાની કાલ્પનિક વાતોને મંચ પર જીવંત કરતું નાટક, સાહિત્યનો સર્વોત્તમ પ્રકાર માની શકાય કારણ નાટકમાં જ છુપાયેલો હોય છે, વિચારોનો વંટોળ અને પરિવર્તનો પથ.


શુભેચ્છા સહ.....

શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ,

૯૯ મસ્જીદ સાઇડીંગ રોડ, મુંબઇ-૯.



ચાલો જહેમતે જાળવીએ આગવું દશાઈ કૌવત, આગવું દશાઈ ગૌરવ

ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)

મો. 098225 30391 મો. 088057 55551

**યુ. કે. ખીમજી એન્ડ કાં.** હળદર - જનરલ વ્યાપારી

વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.




**જ્ઞાતિપ્રતિભા શ્રી કમલેશ મણીલાલ મોતાને**
**અભિનેતા - દિગ્દર્શક તરીકે**
**દિગ્ગજોની પંક્તિમાં સ્થાન અપાવતું**
**નાટક : 'કોઈ ભીંતેથી આયના ઉતારો'**

કમલેશ ભાઈના વિશેષ નાટક અને તેમની કારકિર્દી
વિશે સ્વનિવેદન પાના નં. ૧૦, ૧૧
તેમની કારકિર્દીની તસ્વીરી ઝલક પાના નં. ૧૯



સમકાલીન ગુજરાતી રંગભૂમિના ઘડવૈયા તરીકે કાંતિ મડિયાને નાટ્યસંપદાના ઘણાં નાટકો દ્વારા યાદ કરી શકાય, પણ 'કોઈ ભીંતેથી આયના ઉતારો' અને 'કાચીંડો' (હીચકોકની વિશ્વવિખ્યાત ફિલ્મ સાયકોનું ગુજરાતી નાટ્યરૂપ) એવાં બે નાટક હતાં. ત્રીસેક વર્ષ પહેલાં જોયેલા નાટકને આજે ફરી જોવાની તક કિરણ ભટ્ટ પ્રસ્તુત, કબીર પ્રોડક્શનના નિલેશ દવે નિર્મિત, પ્રવીણ સોલંકી લિખિત અને કમલેશ મોતા દિગ્દર્શિત 'કોઈ ભીંતેથી આયના ઉતારો'માં જોવા મળી એનો આનંદ એટલા માટે છે કે મડિયાએ જે ઉત્કૃષ્ટતાથી ખૂબ વિચિત્ર કહી શકાય એવી મુખ્ય ભૂમિકા જીવંત કરેલી, લગભગ એવી જ કક્ષા કમલેશ મોતા પણ જાળવી શક્યા છે.

એક કોઈ અન્યના ખોળિયામાં પોતાનો જીવ હોય તો માણસની પરિસ્થિતિ કેવી ભેદી અને કરુણ બને એનું આલેખન રંગમંચ પર જોતાં સમકાલીન ભારતીય રંગભૂમિની ઓળખાણ બની રહે એવા ગિરીશ કારનાડના 'હયવદન'નું અચૂક સ્મરણ થઈ આવે. દેવદત્ત અને કપિલનાં ધડ અને માથું અરસપરસ ગોઠવાઈ જાય છે પરિણામે નાયિકાનો પતિ કોણ એ પ્રશ્ન ઊભો થાય છે. સુભાષ પારધીના મરાઠી નાટક 'મી અનિકેત સહસ્ત્રબુદ્ધે' કે જેના પરથી પ્રવીણ સોલંકીએ ગુજરાતી સ્વરૂપનું આલેખન કર્યું છે એવા આ નાટકનો આધાર પુરાણ નહીં પણ વિજ્ઞાન છે. આજે તો બ્રેઈન ટ્રાન્સપ્લાન્ટનો પ્રયોગ વાસ્તવિકતા બની ગયો છે અને તબીબી વિજ્ઞાનની આ મહાન શોધમાં જ આ નાટકનું રહસ્ય છે. શરીર કે બુદ્ધિમાં કોનું આધિપત્ય સ્વીકારવું એ પ્રશ્ન બન્ને નાટકનાં મૂળમાં છે. નાટકમાં જણાવાય છે એમ કાયદો તો જે સામે દેખાય છે એ દેહને જ પુરાવા તરીકે સ્વીકારી ચુકાદો આપી દે છે પણ એ સાચું છે? એ પ્રશ્નનો ઉત્તર મળવો મુશ્કેલ છે.

નાટકમાં સંશોધન કરતા વિજ્ઞાનીને બ્રેઈન ડેડ થઈ ગયેલા દાણચોર જયરાજ ટંડેલના દેહ અને મગજ સિવાય જેનું બાકી બધું નષ્ટ થઈ ગયું છે એવા હીરાના વેપારી અમર દલાલનો દેહ અકસ્માતે એકસાથે મળી જતાં એકના શરીરમાં બીજાના મગજના પ્રત્યારોપણનો પ્રયોગ કરીને એક નવા માનવીના સર્જનની અનોખી સિદ્ધિ મળી તો જાય છે, પણ એની વ્યક્તિગત, કૌટુંબિક અને સામાજિક અસર કેવી ભયંકર અને દૂરગામી હોઈ શકે એનો કોઈ અંદાજ રહેતો નથી. નાટકમાં અંતે તો જોવા મળે છે એમ અમર દલાલ કે જયરાજ ટંડેલ બન્નેમાંથી કોઈની પત્ની દ્વારા નવજીવન પામેલી વ્યક્તિ પતિ તરીકે સ્વીકૃતિ પામે એની શક્યતા રહેતી નથી. પત્નીઓને જવા દો, સ્વયમ્ એ વ્યક્તિ માટે પણ પોતે ઘરનો કે ઘાટનો ન રહ્યા એવા ધોબીના કૂતરા જેવી ત્રિશંકુ હાલત થઈ જાય છે.

પ્રવીણ સોલંકીએ સ્ક્રીપ્ટ તૈયાર કરવામાં ઘણો શ્રમ લીધો છે એ આજે પણ જોઈ શકાય છે. મુખ્ય ભૂમિકાની સંકુલતા એમણે અસહ્ય બને એટલી અસરકારકતાથી રજૂ કરી છે. જુદા જ પ્રકારનો રહસ્ય નાટકની મુખ્ય ચાવી મુખ્ય ભૂમિકાનો અભિનય છે. એક સીધાસાદા સજ્જનને એકાએક જ એમનું જગત ઓળખવાનો ઈન્કાર કરી દે અને એનો મરણિયો પ્રયાસ પોતાની હયાતી પુરવાર કરવાનો રહે એ ભૂમિકા એક સાથે હસાવે અને રડાવે એવી છે. આ ભૂમિકામાં કાંતિ મડિયાની જેમ જ કમલેશ મોતા પણ સાદ્યાંત ખૂંપી જાય છે. ન ઓળખાવાનું ચરજ, આયનો જોતાં લાગતો આઘાત, પત્ની પાસેની કાકલૂદી, અદાલતમાં થતી હાસ્યાસ્પદ સ્થિતિ ઈત્યાદિ દરેક પરિસ્થિતિમાં અભિનયની ઉત્કટતા જોવા મળે છે.

– જાણીતા નાટ્યસમીક્ષક ઉત્પલ ભાયાણીએ
જન્મભૂમીમાં કરેલ સમીક્ષા




**લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ**

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે,
દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

# સતી પ્રથા અને કચ્છી દશા ઓશવાળ જ્ઞાતિ : ભાગ ૨

રમેશ મુલજી લોડાયા, ભરૂડિયા-મુલુંડ - મો.: 09820336767

શરૂઆતમાં 'સતી' શબ્દનો પ્રયોગ ન થતો હતો, કેવલ 'ઉપગતા', 'સુહાગુ શખસણ', 'કાષ્ટારોહણ', 'સાગવન કિધા' જેવા શબ્દો જોવા મળે છે. ૧૬મી સદી બાદનાં લેખોમાં 'સતી' શબ્દ જોવા મળે છે.

જૈન ધર્મ અને હિંદુ ધર્મમાં સતીની માન્યતા જોવા મળે છે. 'સતી' શબ્દનું તાત્પર્ય એક ચરિત્રવાન કે શીલવાન સ્ત્રી જ હતું. જૈન ધર્મમાં ૧૬ સતીઓનું સ્મરણ થાય છે. આ સતીઓનાં જીવનવૃત્તાંત પરથી જાણી શકાય છે કે કોઈએ પતિ પાછળ ચિતામાં બળી એમનું અનુગમન નથી કર્યું પરંતુ તેઓએ પોતાના શીલરક્ષા માટે કઠોર સંઘર્ષ કર્યો છે. યા સાધ્વી જીવન સ્વીકાર્યું છે કે શીલ રક્ષા માટે મૃત્યુ વહોર્યું છે હિંદુ ધર્મમાં પણ સતી શબ્દનું તાત્પર્ય એક ચરિત્રવાન કે શીલવાન સ્ત્રીજ હતું. શરૂઆતમાં યુધ્ધમાં વીરત્વ દાખવનારના સ્મારકો બનતા. આગળ જતા સતી પ્રથાનો વિકાસ થયો ત્યારથી સતી શબ્દ વર્તમાન અર્થમાં પ્રયુક્ત થવા લાગ્યો.

જ્યાં સુધી સ્વેચ્છાથી અસુરક્ષાના અનુભવે કે પતિ પ્રત્યે અનન્ય સ્નેહવશ પતિના મૃત્યુ પછી એમનું સહગમન જૈન સાહિત્યમાં પણ જોવા મળે છે. ૭મી સદીના નિશીથચૂર્ણમાં ઉલ્લેખ મળે છે સુપારકના રાજાએ નગરના ૫૦૦ વ્યપારીઓને કર નહીં ભરવાના ગુન્હામાં જીવતા જલાવી નાખવાનો આદેશ આપ્યો અને એમની પત્નીઓ એમનું અનુકરણ કરતા જલી/બળી મરી.

દશા સમાજ સુધારવાદી હોઈ અને વિધવાઓ સન્માનપૂર્વક જીવન જીવી શકે તે માટે પુનર્લગ્નને આવકાર્યા છે વળી જૈન સમાજમાં પાછળનુ જીવન સન્માનપૂર્વક જીવી શકે તે માટેની આદર્શ શ્રમણી સંસ્થાની વ્યવસ્થા હોવા છતાં આપણાં સમાજમાં પણ સતી થવાના બનાવો બન્યા છે તે વાસ્તવિકતા છે - અને એ વખતના સમાજ જીવનની આપણા ઉપરની અસર બતાડે છે.

આવા બનાવો રાજસ્થાન ઓસવાલ સમાજમાં પણ બન્યા છે. શ્રી અગરચંદજી નાહટાએ પોતાના ગ્રંથમાં ઓસવાલમાં રાજસ્થાનમાં થયેલ સતીઓના ૨૮ પ્રસંગો ટાંક્યા છે. અને વિ.સં. ૧૫૫૭ થી વિ.સં. ૧૮૬૬ સુધીનો સમય આવરેલ છે.

સામાન્ય રીતે વ્યક્તિ પૂજાના વહીવંચા/ભટ્ટો/બારોટો પ્રશંસક હોઈ તેમની નોંધ પોથીમાં યજમાનોની પ્રશંસા ક્યારેક કાલ્પનિક ઉમેરા સાથે જોવા મળે તે સ્વભાવિક છે પરંતુ મેં જોયેલી સતી નોંધોમાં તેઓએ કોઈ વ્યક્તિ પ્રશંસા નોંધી નથી કે સતી થનારની તરફેણમાં પણ કંઈ લખ્યું નથી. માત્ર ટુંકી નોંધો જ ટપકાવી છે અને બની શકે ત્યાં સુધી મેં એ જ સ્વરૂપે વાંચકો સમજા રજૂ કરી છે.

સતી પ્રથા એક જ્વલન્ત પ્રશ્ન છે. પુરુષ પ્રધાન સંસ્કૃતિનાં અભિશાપનું પરિણામ હોઈ શકે છે. નારીનું ઈચ્છા વિરુદ્ધ સતી થવું એ આ પ્રથાનુ બિભત્સ સ્વરૂપ છે જ્યારે બીજું રૂપ ભાવના પ્રધાન અને સ્વૈચ્છિક છે. આપણામાં થયેલ સતીઓ બાબતે કોઈ ચોક્કસ તારણ કાઢવું મુશ્કેલ છે. માત્ર વાસ્તવિકતા રજૂ કરેલ છે.

પાળિયા (દેવલીયા) બનાવવા માટે 'ખણવિત' અને જીર્ણોદ્ધાર માટે 'ઉધારિત' શબ્દ પ્રયોગ કરવામાં આવેલ છે. ઘણી વખત પાળિયા ઉપર છતરડી, મંડપ પણ જોવા મળે છે.

**વહી નોંધો :**

ફુરીયા ગોત્ર જેમાંથી આપણી જ્ઞાતિના શિયાલ અને પોલડિયા નૂખો નીકળેલ છે. એમની વહી નોંધ મુજબ સવંત ૧૮૦૪માં માલો સ્વર્ગે જતાં દાદી રૂપામા તથા વિ.સં. ૧૮૨૯માં વીરો સ્વર્ગે જતાં માતા ખીયં દે સતી થયા.

સવંત ૧૮૧૨ના વરસે વૈશાખ વદ ૧૪ના આસપાર વાંસે બાઈ નામઈ સતી થયા છે, નુખ ગોસરના તે બારાઈ ગામે પાળિયા ઉપર દેરી ચણાવી છે તેનો ભરેયો (ઉત્સવ) કરીને ગામ જમણ કીધું છે. ગામ બારાઈમાં ગોસર શાખાએ, ભટ્ટ દેવા હીરા વહીવંચાને પાઘડી તથા પછેડી તથા કોરી પાંચ દીધી બારાઈના ચોકે.

વીધા દાહ્યાણીની માતા વાલઈબાઈ, દિકરા વાંસે સતી થઈ સુજાપુર. હંસરાજ ડોસા વાંસે માતા રાણબાઈ સતી થયા સુજાપુર ગામે. આ બન્ને સતીમાના પારીઆ ઉપર દેરીઓ ચણાવી છે અને ભરેયો કીધો છે. શા. સોદે પુંજાણીએ કચ્છ સુજાપુરમાં સંવત ૧૮૮૪માં. આ સોદે પુંજાણીએ વારાપધરમાં અપાસરો ચણાવ્યો છે તથા નારાયણ સરોવરની જાત્રા કરીને પોતાનું ગામ સુજાપુર ધુંઆબંધ જમાડ્યો છે. ભટ વેરસલ કચરાને ચોપડે આ સતીઓની દેરી નોંધ કરાવીને પાઘડી ધડબંધી તથા પછેડી તથા દાન દીધું સુજાપુરના ચોકે.

આરીખાણા કચ્છમાં ત્રીકમ વીસર વાવમાં ડુબી ગયો, વાંસે માતા આસમતબાઈ દીકરા વાંસે સતી થયા. સંવત ૧૭૦૦ની સાલમાં. તેનો પારીઓ આરીખાણાના પાધરે છે. તેના વંસજો પદમસી ભવાનજી તથા રાયચંદ ભવાનજી ટ્રાન્સપોર્ટવાળા છે.

ધરમસી ગોત્રમાં તેજા મેઘણ (પૂડસો) થયો. ડોસા

શુભેચ્છાઓ સહ...
સાંધવ રત્ન
શ્રી મુલજી રાઘવજી લોડાયા
MRL Group of Companies

શુભેચ્છાઓસહ *Laxmichand Dharshi Mota*
MOTA SHIPPING AGENCY
C.H.A.No. 11-0404
રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની
સંપર્ક : 08879677709

ધારિયાણીના મરણ પાછળ માતા સારબાઈ સતી થયા.

હરિયા ગોત્રમાં પાલ્હા પુત્રી ગાંગીએ દોહિત્ર નાગડા ઉધરાણી ઉપર કાષ્ઠભક્ષણ કીધું. સં. ૧૭૧૨માં સતી થયેલ છે.

નાની ખાખર ગામમાં ગાલા ગોત્રના સતીમાનો (મિણયમાતા) પાળિયો છે જેને વાગડ, ભચાઉ, આધોઈ, ખારોઈ, સુવઈ, રવ, નાની ખાખર, લુણી, બિદડા, ફરાદીના ખડિરિયા ગાલા ભાઈઓ નમે છે. આ નોંધ પરથી ઓસવાલોનું ખડિરને રસ્તેથી આગમન થયું છે તે માની શકાય છે. ઓસવાલોનો ઉલ્લેખ પારકરાં તરીકે પણ ઘણી જગ્યાએ જોવા મળે છે. જે ઓસવાલોનાં થરપારકરનાં વસવાટને પુષ્ટિ આપે છે.

સને ૧૮૨૮માં અંગ્રેજોએ સતી પ્રથા દૂર કરવા પ્રયાસ કર્યો લોર્ડ વિલીયમ બેન્ટીંકે. સતી પ્રથા સામે ભારતનાં શિક્ષિત વર્ગે અવાજ ઉઠાવેલ જેમાં પ્રમુખ રાજા રામ મોહનરાય હતા. સને ૧૮૨૯માં કાયદો ઘડાયો છતાં છૂટાં છવાયા બનાવો બનતા રહ્યા. સને૧૯૮૭માં ૧૮ વરસની રૂપકુંવર સતી થઈ, ૨૦૦૨માં યુ.પી.માં બનાવ બન્યો, ૨૦૦૮માં છત્તીસગઢમાં બનાવ બન્યો.

સતીઓના લેખ પરથી સમાજનો એ વખતનો ઢાંચો જોવા મળે છે. સતી પ્રથાની શરૂઆત ક્ષત્રીય રાજવી પરિવારોમાં થઈ. વિધર્મીઓના હાથમાં આવવાં કરતાં સ્ત્રીઓએ મૃત્યુ વહોરી વિરોચીત મરણ પસંદ કર્યું. રાજસ્થાનનાં રાજવીઓના કારભારીઓ ઓસવાલો હતા જેઓ રાજવીથી નિકટ સબંધો ધરાવતા હોઈ તેમજ મુલતઃ ક્ષત્રિય સંસ્કાર ધરાવતા હોઈ સતી પ્રથા ઓસવાલોમાં આવી હોઈ શકે છે.

### ભાંડુપમાં શ્રી જયંત રાહીના નવકાર જાપનો રજત જયંતી મણકો



શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ અને શ્રી પંચ પરમેષ્ઠી આરાધક મંડળ દ્વારા ભાંડુપમાં દર મહિને યોજાતા નવકાર મંત્રમાં આરાધક શ્રી જયંત રાહીના નવકાર જાપ અનુષ્ઠાનનો રજત જયંતી મણકો રવિવાર, તા. ૨૫-૧૦-૨૦૧૫ના નરશી નાથા સભાગૃહ, અનંત સિધ્ધી - ભાંડુપ ખાતે યોજાશે. આ પ્રસંગે લબ્ધી કુંભ તથા ૧૦૮ યંત્રનું પુજન પણ થશે.

સંપર્ક : કુમારભાઈ દંડ - 93226 80008

### સ્પોર્ટ્સ વર્લ્ડ સ્ટાર માસિકનો બીજો કાર્યક્રમ : હૂન્નર ફૂડ ફેસ્ટીવલ ૨૦૧૫

**રવિવાર, તા. ૮ નમ્વેબર ૨૦૧૫ સવારના ૯ વાગ્યાથી**

સાવરકુંડલા હોલ રાજાજી પથ, માધવી બંગલો પાસે,ડોંબીવલી (પૂર્વ).

**વિશેષ આકર્ષણ : રેસીપી સ્પર્ધા, ખાવાની સ્પર્ધા, ખાવા અંગેના શ્રેષ્ઠ પ્રશ્નને પણ ઇનામ પધારનાર દરેકને ફ્રી ગીફ્ટ**

સ્ટોલ રાખવાનો દર રૂા. ૩૮૦/- બેનરનો દર રૂા. ૧૦૦

સંપર્ક : અમિત દંડ - 93234 06052

# શ્રી વડાલા અચલગચ્છ જૈન સંઘ

## આગામી ધાર્મિક અનુષ્ઠાનો

૧) અચલગચ્છાધિપતિ **આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.**ની ૨૭મી પૂણ્યતિથિ નિમિત્તે અઠ્ઠમ તપ તા. ૧૨/૧૩/૧૪-૧૦-૨૦૧૫.

૨) ક્ષમાપના અને ચાર્તુમાસિક દાતા પરિવારનો શાહી બહુમાન. સવારના નવકારશી થી સાંજના ચૌવિહાર સુધીનો ભરચક કાર્યક્રમ. સ્થળ : શ્રી માનવસેવા સંઘ સાયન ખાતે

૩) આસો માસની શાસ્વતી આયંબીલની ઓળી સોમવાર, તા. ૧૯-૧૦-૨૦૧૫થી મંગળવાર, તા. ૨૭-૧૦-૨૦૧૫ સુધી અને તપસ્વી પારણા બુધવાર તા. ૨૮-૧૦-૨૦૧૫ના આયંબીલ અને પારણાનો લાભ **માતુશ્રી ખમ્માબાઈ ડાયાભાઈ ધુલ્લા સાંધાણ પરિવારે** લીધેલ છે.

૪) ધનતેરસ થી કારતક સુદ ૧ સુધી વિવિધ અનુષ્ઠાનો સવારના ૮.૩૦ કલાકે થી યોજવામાં આવેલ છે. અનુષ્ઠાનો બાદ સાધર્મિક ભક્તિનો લાભ આપવા વિનંતી.
કાળી ચૌદસની રાતે ૮.૩૦ કલાકે શ્રી મહાકાલી માતાજીની સંગીતના સથવારે ભાવના ભણાવવામાં આવશે.

૫) કન્યા સંસ્કાર શિબીર કારતક સુદ ૧ તા. ૧૨-૧૧-૨૦૧૫ થી શુક્રવાર તા. ૨૦-૧૧-૨૦૧૫ સુધી રાખવામાં આવેલ છે. વયમર્યાદા ઉમર ૧૦ થી ૩૦ વર્ષ. નોંધ : તપસ્યા જરૂરી નથી.

૬) ચાર્તુમાસ પરિવર્તન નિમિત્તે પંચાન્હિકા મહોત્સવ રવિવાર, તા. ૨૨-૧૧-૨૦૧૫ના બંન્ને જિનાલયમાં પરમાત્માના અઢાર અભિષેક સવારના ૮.૩૦ કલાકે, બુધવાર, તા. ૨૫-૧૧-૨૦૧૫ સવારના ૮.૩૦ કલાકે શ્રી સિધ્ધાચલ ભાવયાત્રા, કારતક વદ ૧ ગુરૂવાર, તા. ૨૬-૧૧-૨૦૧૫ના ચાર્તુમાસ પરિવર્તન.



# શેઠ નરશી નાથા ચેરીટી ટ્રસ્ટ ફંડ

**આયોજીત**

## "ચૌદ ક્ષેત્રમાં હાં રે, ત્રણ ભુવનમાં તીરથ ન એવો"

પવિત્ર તીર્થો આ વિશાળ ધરતી ઉપર અનેક છે. પરંતુ જ્ઞાની ભગવંતો કહે છે કે જગતના તમામ તીર્થોની યાત્રા કદાચ તમે કરી ન હોય તો ઠીક છે પણ શત્રુંજય મહાતીર્થની યાત્રા તો અવશ્ય જીંદગીમાં કરવી જ જોઈએ. આ તીર્થની યાત્રાથી સૃષ્ટિના તમામ તીર્થોની સ્પર્શના સમાયેલી છે. આ જ ગિરિરાજ ઉપર આપણી જ્ઞાતિની ગૌરવ ગાથા ગવાતા બે - બે જિનાલયો છે. શેઠ શ્રી નરશી નાથાની ટુંક અને શેઠશ્રી દેવજી પુનશીની ટુંક જે જિનાલયોનું શુધ્ધિકરણ કરવું તેમજ દેખરેખ રાખવી એ આપણા સૌની ફરજ બની રહે છે. જે માટે દર ત્રણ મહિને ૧૦ થી ૧૨ ભાગ્યશાળી જ્ઞાતિના ભાઈઓની એક એક ટીમ બે દિવસ માટે ગિરિરાજ ઉપર જઈને આ માટેની બધી વ્યવસ્થા તેમજ અભિષેક, પક્ષાલ પૂજા વગેરે કરીને, પૂર્વજોએ સોંપેલી આ અમૂલ્ય સંપત્તિનું રક્ષણ કરી શકાય, માટે જ્ઞાતિજનોને એલાન કરવામાં આવે છે કે જેઓને પણ આ તીર્થભક્તિનાં અનુષ્ઠાનમાં જોડાવવું હોય તેઓએ પોતાનાં નામો નીચેના નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.

૧) રાજેન લહેરચંદ લોડાયા - ૯૩૨૩૦ ૩૦૧૪૯

૨) જીતેન્દ્ર ઉમરશી લોડાયા - ૯૩૨૨૨ ૨૬૬૨૭

૩) હિતેન રાયચંદ લોડાયા - ૯૮૯૨૯ ૯૦૨૬૪

**-: સંપર્ક સમય : -**
સાંજના ૪.૦૦ થી ૯.૦૦ ક.

**માતુશ્રી સરલાબેન લક્ષ્મીચંદ નાગડા - નલીયાવાળા** તરફથી ગિરિરાજ - મુંબઈ જવા - આવવાની તથા રહેવાની જમવાની સંપૂર્ણ સગવડ કરવામાં આવશે. અન્યક્ષેત્રમાં કરેલાં પાપોને ધોવા માટેનું અલૌકિક વોશિંગ મશીન એટલે સિધ્ધાચલ ગિરિરાજ એ ગિરિરાજની ભક્તિ એટલે વોશિંગ મશીનમાં વપરાતું સાબુ અને પાણી તો થઈએ તૈયાર અને જોડાઈને અનંત કલ્યાણકારી તીર્થ-જિનાલય-જ્ઞાતિની ભવ્યાતિભવ્ય ભક્તિ અનુષ્ઠાનમાં... દર ત્રણ મહિનાનાં શુક્ર - શનિ - રવિવારનો સદ્ઉપયોગ કરવાની અમૂલ્ય તકને વધાવીને સારી સંખ્યામાં જોડાવવા આમંત્રણ...

**લી. શ્રી સમીર લક્ષ્મીચંદ નાગડા - નલીયા**

UPASANA-9820167767

## જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.

### શ્રી વડાલા અચલગચ્છ જૈન સંઘ

શ્રી વડાલા અચલગચ્છ જૈન સંઘમાં પ.પૂ.સા.શ્રી કૈવલ્યપ્રિયા શ્રીજી મ.સા.આદિઠાણાની નિશ્રામાં પર્યુષણ મહાપર્વ રૂડી રીતે ઉજવાયા. શ્રી કલ્પસુત્ર ઘેર પધરાવવાનો લાભ અ.સૌ.નયના રાજેશ રાંભીયા નાના ભાડીયા પરિવારે લીધેલ.મહાવીર જન્મવાંચન દરમ્યાન સ્વપ્ન ધૃત મણ ૪૨૧૬૦૧ થયેલ. પારણું પધરાવવાનો લાભ કુ.કિંજલ, કુ.રિધ્ધિ, પ્રદિપ કલ્યાણજીદેઢિયા કોટડા રોહા પરિવારેલીધેલ.

સવંત ૨૦૭૨ના વર્ષ માટે શ્રી શાલીભદ્રનો ચડાવો શ્રી મયુર મહેન્દ્ર પ્રેમજી છેડા, હ.માતુશ્રી વિજયાબેન પ્રેમજી છેડા પરિવાર ગોધરા તથા બારસા સૂત્ર વહોરાવવાનો લાભ માતુશ્રી વિજયાબેન પ્રેમજી ખીમજી છેડા પરિવાર ગામ ગોધરાવાળાએ લીધેલ. તપસ્વી બહુમાન કરવાનો લાભ માતુશ્રી ગુણવંતીબેન વાલજી ધરમશી કોઠારાએ લીધેલ. તપસ્વી પારણાનો લાભ માતુશ્રી સુશિલાબેન પોપટલાલ હરીયા હાલાપુરવાળાએ લીધેલ. છઠના સવારના દ્વાર ઉદ્‌ઘાટન શ્રી સંભવનાથજી જિનાલય માતુશ્રી સાકરબેન વિશનજી નાનજી દેઢિયા ગામ તલવાણા પરિવારે, શ્રી ચંદ્રપ્રભસ્વામી જિનાલય ચિ.ધર્મ્ય ડાયમંડ અશોક દંડ વરાડીયા પરિવારે લીધેલ. તા.૨૭.૦૯.૧૫ના ભવ્ય રથયાત્રામાં પ્રભુજીને રથમાં લઈ બેસવાનો લાભ માતુશ્રી દેવકાબેન ભાણજી મેઘજી લોડાયા દલતુંગી પરિવારે લીધેલ. રથયાત્રા બાદ સ્વામીવાત્સલ્ય ભક્તિનો લાભ અ.સૌ.મધુબાલા ભવાનજી આસુભાઈ હરીયા ગામ દેવપુરવાળાએ લીધેલ.

### કચ્છી જૈન મહિલા મંડળ - કલકત્તા

યુવા મંડળ તરફથી પંદરમી ઑગસ્ટના પ્રોગ્રામ રાખવામાં આવેલ. સૌ. પ્રથમ દીપ સુશિલાબેન લાલકાએ


સંવત ૨૦૭૧ ।। શ્રી આદિનાથાય નમો નમઃ ।। સન ૨૦૧૫



**શ્રી કચ્છી દશા ઓશવાલ સાંયરા જૈન મહાજન ટ્રસ્ટ**

કચ્છ સાંયરા, પોસ્ટ કોઠારા, તા. અબડાસા, કચ્છ - ૩૭૦ ૬૪૫ ફોન : ૦૨૮૩૧-૨૮૨૩૧૮

**સાંયરા નગરે ત્રિહાનિકા મહોત્સવે સકળ સંઘને નેહભર્યું નિમંત્રણ** તા. : ૧૦-૧૦-૨૦૧૫

સાંયરા નગરે શ્રી આદિનાથના દરબારે, સૂરિત્રયની આશિષજ્ઞાએ અને શુભ કામનાઓ સાથે પ.પૂ. નરેન્દ્ર-અરૂણ-ધૈર્ય-ગુણબાગના **પ.પૂ.સા. હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા.**ની નિશ્રામાં, **પ. પૂ. સા. ઋજુપ્રજ્ઞાશ્રીજી મ.સા.** ના શ્રેણીતપના અનુમોદનાર્થે, ચાર્તુમાસમાં અનેકવિધ સાધના, તપ-જપની આરાધના અનુમોદનાર્થે કારતક સુદ ૧૦, શુક્રવાર તા. ૨૦-૧૧-૨૦૧૫ થી કારતક સુદ ૧૨ રવિવાર, તા. ૨૨-૧૧-૨૦૧૫ ના ત્રિહાનિકા ભકિત મહોત્સવનું સાંયરા મહાજન/સંઘએ આયોજન કરેલ છે. આ રૂડા પ્રસંગમાં સહભાગી થવા સર્વે સાંયરાવાસી, નિયાણી બહેનો સહપરિવાર, મોઘેરાં મહેમાનો, **સકળ સંઘ/મહાજનો**ને પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

- **તા. ૯-૧૧-૧૫ થી ૧૩-૧૧-૧૫** શિશુ-યુવાન ધાર્મિક શિબિરમાં પ્રોત્સાહન માટે વાલીઓને બહોળી સંખ્યામાં પધારવા નમ્ર વિનંતી છે.
- **તા.૧૨-૧૧-૧૫ ગુરૂવાર** કારતક સુદ-૧ શ્રી ગૌતમસ્વામી પુજનના લાભાર્થી પરિવાર શેઠશ્રી લહેરચંદ હંસરાજ મોતા (રાપરગઢવારી) ગાંધીધામ પરિવારે લાભ લીધો છે.

ખાર/માપરના શ્રમણીરત્ન **શ્રી ઋજુપ્રજ્ઞાશ્રીજી**, અચલગચ્છના શ્રમણીરત્ન **શ્રી ઋજુપ્રજ્ઞાશ્રીજી**,
સરલ સ્વભાવી સાધ્વીરત્ન **શ્રી ઋજુપ્રજ્ઞાશ્રીજી**, લોક મુખે "રમકડાં" મહારાજ સાધ્વીરત્ન **શ્રી ઋજુપ્રજ્ઞાશ્રીજી**,
સા. હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા.ના લાડીલાબેન સાધ્વીરત્ન **શ્રી ઋજુપ્રજ્ઞાશ્રીજી**, તપના સંયમમાં રમતા સાધ્વીરત્ન **શ્રી ઋજુપ્રજ્ઞાશ્રીજી**.

- **તા. ૨૦-૧૧-૧૫ શુક્રવાર**, પ.પૂ.સા. શ્રી ઋજુપ્રજ્ઞાશ્રીજી મ.સા. અને તપસ્વીઓના પારણાંના સવારના ૮.૩૦ કલાકે કરાવવામાં આવશે.
- **તા. ૨૧-૧૧-૧૫, શનિવાર** કારતક સુદ - ૧૧, શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પુજનના લાભાર્થી : પ.પૂ.સા. ઋજુપ્રજ્ઞાશ્રીજી મ.સા. ના સંસારી માતાશ્રી/ પિતાશ્રી શ્રીમતી પ્રેમીલાબેન વિશનજી કુંવરજી છાડવા માપરવાલા પરિવારે લાભ લીધો છે.
- **તા. ૨૨-૧૧-૧૫ રવિવાર** કારતક સુદ-૧૨, બપોરના શ્રી સિધ્ધચક્ર મહાપુજન માતૃશ્રી મણીબાઈ ખેતશી મોમાયાના આત્મશ્રેયાર્થે હસ્તે : શ્રી ઉતમચંદ ખેતશી મોમાયા પરિવારે લાભ લીધો છે.

સાંયરા નગરે અવસર આવ્યા સોહામણાં, અંતરના ભાવથી અમે કરીએ વધામણાં. આ ત્રિહાન્હીકાના શુભ પ્રસંગે પૂજન, ધાર્મિક શિબિર અને ચાતુર્માસમાં સહભાગી થવા સહકંટુંબ પધારી શાસનની શોભામાં અભિવૃધ્ધિ કરશોજી.

**શ્રી ક.દ.ઓ. સાંયરા જૈન મહાજન ટ્રસ્ટ - ધાર્મિક સમિતીના જય જિનેન્દ્ર !**

UPASANA-9820167767

પ્રગટાવી, ધ્વજવંદન જયંતભાઈ સાવલાએ કરેલ.

૨૫.૦૮.૧૫ના મુંબઈ નનિવાસી મંજુલાબેન ભોગીભાઈ તરફથી બારવ્રતની પૂજા ભણાવવામાં આવેલ. મંડળને રૂા૧૦૦૦ ભેટ મળેલ છે.

રીટાબેન શાહના ઘરે ૦૫.૦૯.૧૫ના જાપ રાખવામાં આવેલ. ઉર્મિલાબેન મોતાએ ધાર્મિક ગેમ્સ રમાડેલ. ૧) કેતના શાહ ૨) મીતા લાલકાને પ્રાઈઝ મળેલ, મંડળને રૂા૧૦૧ ભેટ આપેલ.

પર્યુષણ ખૂબ રૂડી રીતે ઉજવેલ. સ્વપ્ના ડ્રો કરવામાં આવેલ. પર્યુષણ કરાવવા મુંબઈથી જેઠાભાઈ અને વડોદરાથી સોમચંદભાઈ પધારેલ. પોથી સુનિલભાઈ શાહે પધરાવેલ. પારણું તેમના વેવાઈ એ પધરાવેલ. મંડળને રૂા૧૦૦૦ ભેટ સુનિલભાઈ તરફથી રૂા૧૦૦૦ ભેટ પીતલીયા પરિવાર તરફથી મળેલ રિધ્ધી જયંતભાઈ ધુલ્લાના ૧૧ ઉપવાસ નિમિત્તે મંડળને રૂા ૫૦૦ ભેટ મળેલ છે.

પર્યુષણ વિતી ગયા બાદ મહિલામંડળ સમેતશિખરની જાત્રાએ ગયેલ. સ્નાત્રપૂજા ભણાવેલ ગુણવંતીબેન લુઠિયાના ઘરે પ્રપૌત્રના જન્મ નિમિત્તે ૨૭ મણકાવાળી સોનાની માળા મંડળને ભેટ આપેલ છે. તે જ દિવસે સંઘ જમણ રાખવામાં આવેલ.

**પરજાઉમાં પર્યુષણ પર્વ ઉજવાયા**

પરજાઉમાં ચંદ્રપ્રભુ દાદાની શીતલ છાયામાં પર્યુષણ પર્વની ઉજવણી હર્ષોઉલ્લાસથી કરવામાં આવી મુંબઈ-અમદાવાદ-ભુજ-ગાંધીધામ-નલીયા અને અન્યત્રથી બહોળી સંખ્યામાં ભાવિકો પધાર્યા હતા.

દરરોજ આંગી તથા ભાવના પ્રતિક્રમણ તથા સાંસ્કૃતિક કાર્યક્રમો સંપન્ન થયાં. કલ્પસુત્ર (પોથી) મણ-૪૦૧ માં માતુશ્રી ભચીબાઈ ધનજીભાઈ દંડ હસ્તે-ગુલાબભાઈ દંડ-પરજાઉ-અમદાવાદનાં ઘરે પધરાવવામાં આવેલ. સ્વપ્નાનું ધૃત મણ-૯૦૦૦૦ તથા કુલ ધૃતમણ -૧૦૦૦૦૦, થયેલ પર્વમાં આરાધના કરાવવા પધારેલ શ્રી આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ મુંબઈથી હેમલતાબેન મુલચંદ દેઢિયા હમલા મંજલ (મીરારોડ) તથા હીરાવંતી બેન પ્રેમજી દેઢિયા-મોઘાળાએ (અલીબાગ) સુંદર આરાધના કરાવેલ માતુશ્રી હીરબાઈ મેઘજી નાગડા પરિવાર તરફથી શ્રી કચ્છ પરજાઉ જૈન મહાજન ટ્રસ્ટ ફંડને વોટર કુલર તથા વોટર પ્યોરી ફાયર (R.O.) આપવાની જાહેરાત થઈ હતી.

**શ્રી ક.દ.ઓ. ભાવના મંડળ, જલગામ**

૦૨.૧૦.૧૫ના ભાવના મંડળના હાલના અધ્યક્ષ શ્રીમતી વિજયાબેન શાહનું ૭૫મા જન્મદિન નિમિત્તે શાલ અને ગીફ્ટ આપી મંડળ દ્વારા સન્માન કરવામાં આવેલ. એમણે મંડળના મેમ્બરોને ડ્રાયફ્રુટ બરણીભેટ આપેલ. સૌ દક્ષા મોમાયાને સરપ્રાઈઝ ઈનામ મળેલ. ૦૬.૧૦.૧૫ના સૌ.ટીના રાજેન્દ્ર પોલડીયાના ઘરે નવકાર મહામંત્રના જાપ રાખવામાં આવેલ. ગેમમાં પ્રથમ સૌ.મધુબેન મોતા તથા સૌ સરલાબેન ગોસર અને દ્વિતીય વિજયાબેન શાહ વિજયી થયાં.

તા.૦૮.૧૦.૧૫ના યોજાયેલ શ્રી ભાંડકજી તીર્થના યાત્રાના દાતા પરિવાર સૌ ટીના રાજેન્દ્ર પોલડીયા જલગામ (બાયઠ) હતાં. ભાવના મંડળની બહેનોએ ચંદ્રપુરમાં મહાકાળી માતા જૈન દેરાસર અને શ્રી બાલાજી ભગવાનનાં દર્શન વંદન કરી ભાંડકજીમાં બે દિવસ મુકામ કરી પુજા સ્નાત્ર ભાવના આરતીનો લાભ લીધેલ.

**સાંયરામાં પર્યુષણ પર્વ ઉજવાયા**

સાંયરામાં પૂ.સા.શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. તથા પૂ.સા.શ્રી ઋજુપ્રજ્ઞાશ્રીજી મ.સા.ની નિશ્રામાં પર્યુષણની રૂડી આરાધના થઈ. કલ્પસૂત્ર (પોથી) ઘેર પધરાવવાનો લાભ મણ ૨૦૦૦૧માં માતુશ્રી લખમીબાઈ કુંવરજી રાઘવજી લોડાયાએ લીધો. કલ્પસૂત્ર મહારાજ સાહેબને વહોરાવવાનો લાભ ૬૬,૬૬૬ મણમાં માતુશ્રી દમયંતીબેન રતનશી કુંવરજી લોડાયા હસ્તે મણીકાંતભાઈએ લીધો. પારણું ઘેર


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

નવરાત્રી અને દસેરા નિમિત્તે અચલગચ્છ અધિષ્ઠાયિકા પૂજ્ય મહાકાલી માતાજીને પ્રાર્થના કે કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિ પર તેમના આશિર્વાદ હંમેશા રહે અને જ્ઞાતિ સર્વાંગિણ પ્રગતિ કરે.
તન-મન પરિવાર

શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND

પધરાવવાનો લાભ મણ ૯,૯૯૯ માં શ્રી મણીબાઈ રતીલાલ મોમાયાએ લીધેલ.

બારસો સૂત્ર મહારાજ સાહેબને વહોરાવવાનું મણ ૧,૧૧,૧૧૧માં માતુશ્રી દમયંતીબેન રતનશી કુંવરજી લોડાયાએ લાભ લીધેલ.સ્વપ્નાનું ધૃત મણ ૭,૧૬,૨૧૧ મળી કુલ ધૃત મણ ૧૧,૬૦,૦૦૦ થયેલ.

ભાદરવા સુદ ૩ ના મહાકાળી માતાજીની ભાવના રૂ.૩૩,૩૩૩માં સિધ્ધાર્થ દંડ અમેરીકાવાલાએ લાભ લીધેલ જેમાં સાંયરા સંઘ તથા રાપરગઢવારી સંઘે રમઝટ બોલાવી.

ભાદરવા સુદ ૪ ના તપસ્વીઓના બહુમાનનો લાભ માતુશ્રી લક્ષ્મીબાઈ કુંવરજી રાઘવજી લોડાયાએ લીધેલ.

ભાદરવા સુદ ૨ ના માંડવીથી આવેલ ભાઈ બહેનો એ તોખાર અને ઘોડાગાડી બે નાટકો ભજવ્યા.

ભાદરવા સુદ ૬ના તપસ્વીઓના પારણાનો લાભ રૂ. ૨૩,૦૦૧માં માતુશ્રી નવલબાઈ દામજી પદમશી મૈશેરી નાની સિંધોડીવાલાએ લીધો.

ભાદરવા સુદ ૬ના શેઠશ્રી નરશીનાથાની છબીને હાર પહેરાવવાનો આદેશ રૂ.૧૬૦૧૬માં શેઠશ્રી દામજીભાઈ નરશી મોમાયા મોટરવાલાને અપાયેલ જે સાથે સામુહિક ક્ષમાપના યોજાયેલ.

તા ૨૦.૦૯.૧૫ થી ૨૨.૦૯.૧૫ દરમ્યાન ચૈત્ય પરિપાટી યાત્રા પ્રવાસના સંઘપતીશ્રી શેઠશ્રી રતનશી કુંવરજી લોડાયા હસ્તે માતુશ્રી દમયંતીબેન રતનશી કુંવરજી લોડાયા પરિવાર હતાં જેમાં ૩૦ ભાવિકોએ પાલીતાણા, શંખેશ્વર તથા કટારીયા તીર્થોમાં ગુરૂવંદન અને દેવ દર્શન કરેલ.

## સાંધવ

સાંધવ ગામે પર્યુષણ પર્વની આરાધના રૂડી રીતે ઉજવાઈ તેના અંક નં ૪૦ માં છપાયેલ અહેવાલમાં મુંબઈથી ભુજ ટ્રેન ટિકિટના દાતા તરીકે શેઠશ્રી ચાંપશી માણેકજી લોડાયા (લોખંડવાળા-ઘાટકોપર) અને શેઠશ્રી શામજી નરશી દંડે લાભ લીધેલ તે વિગત ઉમેરીને વાંચવું.

શ્રી સાંધવ ગામનું સ્નેહમિલન તા. ૦૪.૧૦.૧૫ના ભાડુંપમાં યોજાયું તેના અંક નં.૪૧માં છપાયેલ અહેવાલમાં સાંસ્કૃતિક કાર્યક્રમના આયોજનમાં હેલી નિલેશ લોડાયા, સ્મિત વિપુલ પટેલ, દિવ્ય શશીકાંત દંડ, પ્રથમ દેવેન મોતા, મિતલ મધુકાંત લોડાયા અને ભક્તિ તરૂણ લોડાયાએ પણ હોંશભેર ભાગ લીધો, તેમજ માતુશ્રી દમયંતીબેન જેઠાલાલ દંડે પોતાના સ્વ. પુત્ર સંજયની પુણ્યસ્મૃતિમાં સાંધવ મહાજનના સાધારણ ફંડમાં રૂા ૨૫૦૦૦/- નું અનુદાન જાહેર કરેલ તેની ગામવાસીઓએ સગર્વ અનુમોદના કરી, તે વિગતો ઉમેરવી.

## બેલ્લારી પર્વ પર્યુષણ આરાધના

બેલ્લારીમાં પર્યુષણ દરમ્યાન દરરોજ દેરાસરમાં સ્નાત્રપૂજા તથા ધનવંતીબેન ટી.ધરમશીના ઘરે પ્રતિક્રમણ કરવામાં આવેલ. રવિવાર તા.૦૪.૧૦.૧૫નાં સ્વામિવાત્સલ્ય રાખવામાં આવેલ. તે દરમ્યાન સમાજ તરફથી તથા કચ્છી ગુજરાતી મહિલા સેવા મંડળ તરફથી તપસ્વીઓનું બહુમાન કરવામાં આવેલ. હાઉઝી તથા મનોરંજક ગેમ્સ રમાડવામાં આવેલ. ગેમ્સમાં વિજેતાઓને મંડળ તરફથી પુરસ્કૃત કરવામાં આવેલ. લકી ડીપ પણ રાખવામાં આવેલ. જેમાં વિજેતા ચી.જતીન ચેતન મુનવર રહ્યાં.

કચ્છી ગુજરાતી મહિલા સેવા મંડળ તરફથી આશ્રમમાં રૂા ૧૫૦૦/- ના ફીનાઈલ, સાબુ, શેમ્પૂ, બકેટ, ટમ્બલર તથા મીઠાઈ અને ફરસાણનું વિતરણ કરવામાં આવેલ. બહેનોએ સાથે મહાલક્ષ્મી મંદિર જઈ માતાજીના દર્શન કર્યા હતા.

**લગ્ન સંબંધી**

મહારાષ્ટ્રમાં વસતા સાધન સપન્ન નાગડા નુખના વિધુરભાઈ ઉમર વર્ષ ૬૦ મંદબુધ્ધીવાળા બાળક સાથે રહેતા એ પોતાને સમકક્ષ ઉમરની વિધવા-છુટાછેડા ધરાવનાર જીવન સાથીની જરૂરત છે (જ્ઞાતિ ભેદ નથી) તો કૃપા કરી આપેલ મોબાઈલ નં ઉપર સંપર્ક કરવા વિનંતી.

મો- 09975676299, ફોન - 07263-220506




**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.



**Mumbai Office :** Mota Trading P. Ltd. 101, Manratna Business Park, 1st Floor, Junction of Derasar Lane, & Tilak Road, Ghatkopar (E), Mumbai - 400 077, Tel. : 022 4422 9100 /199 Fax : 022 4422 9119

**નવા/બદલાવેલા સરનામા-(પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)**

| | |
|---|---|
| **કરીટ રતનશી નાગડા** | ૫-ત્રિબંક ગાર્ડન, પી એન્ડ ટી કોલૉની, નાંદિવલી રોડ, હનુમાન મંદીરની નજીક, ગાંધીનગર, ડોંબિવલી (પૂ) - ૪૨૧ ૨૦૨ |
| **ખુશાલ છેડા** | Flat no 002, Dhanush grands, Begur link road, Doddakammanahalli, Near Mariyamma temple, Off Bannerghatta Road,Bangalore - 560076 |
| **મયંક મૈશેરી** | પ્લોટ નં ૦૯, ફ્લેટ નં ૨૦૨, સિલ્વર પાલમ અપાર્ટમેન્ટ, આર.પી.ટી.એસ, રોડ, લક્ષ્મી નગર, નાગપુર -૪૪૦ ૦૧૦ |

## જીવનચક્ર

**જન્મ**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૪.૦૭.૧૫ | અમદાવાદ | તિર્થ-સ્નેહા/સચીન તિલકચંદ લોડાયા | વારાપધર | પુત્ર |
| ૧૯.૦૯.૧૫ | વડોદરા | પ્રિયલ-હીરલ/યુવરાજ ચંદ્રકાંત ખોના | સાંયરા | પુત્રી |

**સગપણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૩.૧૦.૧૫ | શ્રીગંગાનગર | હેમંત હંસરાજ માણેકજી બોરીચા | બાયઠ | ૩૧ |
| | કાજુંરમાર્ગ | જસ્મીના મણિલાલ કુંવરજી લોડાયા | સાંયરા | ૩૧ |
| ૧૩.૧૦.૧૫ | અમલનેર | ધનેશ છત્રપતિ જેઠાભાઈ મૈશેરી | લાલા | ૩૫ |
| | ખામગામ | અંકીતા ચેતન ગોંવિદજી લોડાયા | કોઠારા | ૨૬ |
| ૧૫.૧૦.૧૫ | હુબલી | અનુજ મુકેશ વાલજી પોલડીયા | બાયઠ | ૨૬ |
| | વિરાર | ખુશ્બુ રાજેન્દ્ર લક્ષ્મીચંદ ગોસર | ગોએરસમા | ૨૪ |

**આંતર જ્ઞાતિય સગપણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૩.૧૦.૧૫ | ડોંબિવલી | ઉર્વીશ લક્ષ્મીચંદ દેવજી હેફા | સુથરી | ૨૪ |
| | ડોંબિવલી | હેતા હરેશ નવરંગલાલ જોષી | ખંભારીયા | ૨૩ |
| ૧૩.૧૦.૧૫ | નેરૂલ | અંકુર શરદભાઈ મણીલાલ શાહ | પેથાપુર | ૨૬ |
| | નેરૂલ | પુનમ ભરત મુલચંદ દંડ | સેવક ભરૂડીયા | ૨૬ |
| ૧૪.૧૦.૧૫ | યુ.એસ.એ. | હર્ષ કૈલાસ જીવરાજ મોતા | કોઠારા | ૨૩ |
| | નાશિક | કોમલ કમલેશ અંબીકા પ્રસાદયાક્ષીક | હળવદ | ૨૩ |

**મરણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૧.૧૦.૧૫ | ઈંદોર | લક્ષ્મીબેન ધનજી શાહ(રતાણી) | તેરા | ૭૩ |
| ૧૨.૧૦.૧૫ | ડોંબિવલી | કાંતાબેન નવીનચંદ્ર માલદે | દલતુંગી | ૬૫ |
| ૧૩.૧૦.૧૫ | આણંદ | હીરબાઈ ચત્રભુજ દામજી લોડાયા | રાપરગઢ | ૮૪ |
| ૧૫.૧૦.૧૫ | ગોવા | મણિબેન દેવશી દંડ | તેરા | ૭૭ |
| ૧૬.૧૦.૧૫ | ડોંબિવલી | શાંતિલાલ ખીમજી માણેકજી મૈશેરી | - | ૭૯ |
| ૧૬.૧૦.૧૫ | માંડવી | ભીકુબાઈ મેઘજી રાઘવજી લોડાયા | સાંધવ | ૮૫ |

## જૈન વિશ્વ ભારતી ઈન્ટીટ્યુટની રજત જયંતી નિમિત્તે વિજ્ઞાન અને જૈન તત્વજ્ઞાન અંગ પરિષદ

જૈન વિશ્વ ભારતી ઈન્ટીટ્યુટની રજત જયંતી નિમિત્તે વિજ્ઞાન અને જૈન તત્વજ્ઞાન અંગેની પરિષદનું આયોજન જૈન વિશ્વ ભારતી ઈન્ટીટ્યુટે મુંબઈ યુનિવરસીટી અને આઈઆઈટી મુંબઈના સહયોગથી જાન્યુઆરી ૮મી થી ૧૦ ૨૦૧૬ સુધી કર્યુ છે. સહભાગી થવા ઈચ્છનારે વધુ માહિતિ માટે www.icsjp.org પર તપાસ કરી પોતાનું નામ રજિસ્ટર કરાવવું. ઈમેલ contact@icsjp.org


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

## શ્રી કમલેશ મોતાની અભિનય કારકિર્દીની તસ્વીરી ઝલક


કવિકલાપી રૂપે


નરસૈયાનો નાથ નાટકમાં


ગુરૂબ્રહ્મા નાટકમાં


દરિયા છોરૂ ફિલ્મમાં


મેડ ઈન ઈંડિયા નાટકમાં


કાનજી વિરૂદ્ધ કાનજી નાટકમાં

|| શ્રી સખત માતાય નમઃ || || શ્રી સુરાપુરા દાદાય નમઃ || || શ્રી ભીડભંજન પાર્શ્વનાથાય નમઃ ||


પરદાદાશ્રી
કુંવરજી ડાયાભાઈ ધરમશી


કુ. ત્રિશા જીગર ધરમશી


પરદાદીશ્રી
જયાબેન કુંવરજી ધરમશી

## રંગપુરના શ્રી સખત માતાને નમતા ધરમશી પરિવાર

આપણા રંગપુર મુકામે બિરાજમાન **કુળદેવી શ્રી સખત માતાજીની પહેડીનું આયોજન**
**કુ. ત્રિશા મિત્તલ જીગર ધરમશી** ના જન્મદિવસ નિમિત્તે
કારતક સુદ અગિયારસ **તા. ૨૨/૧૧/૨૦૧૫ ના સવારે ૮ થી ૪ કલાકે** ડોંબિવલી મુકામે કરવામાં આવેલ છે.
આ પહેડી નો મહામુલો લાભ **અ.સૌ. વિજયાબેન ગિરીશ કુંવરજી ધરમશી પરિવારે** લીધેલ છે. આ શુભ અવસર માતજીના ભાવિકો – નિયાણી બહેનો અને કુટુંબી જનોને માતાજીની ભક્તિ અને રાસ ગરબાની રમઝટ સાથે પ્રસાદનો લાભ લેવા ભાવભર્યુ હાર્દિક આમંત્રણ છે.

નિમંત્રક : **માતુશ્રી જયાબેન કુંવરજી ડાહ્યાભાઈ ધરમશી સમસ્ત પરિવાર**

**માંગલ્ય ધામ :** શુભ મંગલ કાર્યાલય, બાટા શો રૂમની ઉપર, રેલ્વે સ્ટેશનની સામે, ડોંબિવલી (ઈસ્ટ)–૪૨૧ ૨૦૨.

ભેટ – સોગાદ અને સન્માન ને અક્ષમ્ય ગણશોજી.

*Gift will not be accepted*


**ચિ. ચિરાગ તિલક જીવરાજ લોડાયા**
જખૌ – હુબલી

**ચિરાગ**ને નાનપણથી શૈક્ષણિક તથા અમુલ્ય સૂચન અને કારકિર્દી માર્ગદર્શન આપનાર બંને બહેનો – શ્રીમતી બીન્દુ નિતિન ખોના તથા સૌ. સીમા નરેશ ખોનાનો **હાર્દિક આભાર !!**

## હાર્દિક અભિનંદન

**ચિ. ચિરાગ** એ હાલે **PUC II** (ઈન્ટર સાયન્સ) માં **90%** તેમાં **PCM** માં **97.6%**, **KCET** રેંક–**1628**, **Comedk** રેંક–**2563**, **PES** યુનીવર્સીટી રેંક **985** ઉપર પ્રમાણેની સિદ્ધિઓ હાંસિલ કરેલ છે. તથા ઉચ્ચ અભ્યાસ માટે અત્રેની **B.V.** ભુમરેડ્ડી ઈજીનીયરીંગ કોલેજમાં **B.E. (E&C)** માં મેરીટ સીટ પર દાખલ થયેલ છે. જીવનમાં ઉત્તરોત્તર વધારે પ્રગતિ હાંસિલ કરે એવી શુભેચ્છાઓ !

-: શુભાશિષ :-

| | | |
|---|---|---|
| દાદાણા | : | **માતુશ્રી રતનબાઈ જીવરાજ લોડાયા** તથા<br>**માતુશ્રી કસ્તુરીબાઈ રાયચંદ લોડાયા** (હુબલી) |
| નાનાણા | : | **શ્રી દેવશી કલ્યાણજી દંડ** (વરાડીયા – મલકાપુર) તથા<br>**શ્રીમતી સુમિત્રા ધરમરાજ જૈન** (મુંદગોળ – કર્નાટક) |
| માતા-પિતા | : | **શ્રીમતી મીના તિલક જીવરાજ લોડાયા** (જખૌ–હુબલી) |
| ભાઈ–ભાભી | : | **સૌ. સુષમા સુનિલ લોડાયા** (હુબલી) |
| બહેન | : | **સૌ. કવિતા ચિરાગ લહેરચંદ દંડ** (મંજલ–હુબલી) |

**સ્વ. તિલક જીવરાજ લોડાયા** તથા **સમસ્ત લોડાયા પરિવાર**નાં ખમત ખામણાં વાંચશોજી

શુભેચ્છાઓ : **કોણાર્ક ફ્લોરીંગ** તથા **''ખજાના'' પરિવાર** – હુબલી

C.DO. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2015
Posting : Tuesday / Wednesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001

# સ્મરણાંજલિ



**સ્વ. દામજી કુંવરજી મૈશેરી** (નાની સિંધોડી - ઘાટકોપર)

જીવનયાત્રા : તા. ૨૩-૧૦-૧૯૩૯ થી તા. ૨૦-૧૦-૨૦૦૮

**ચંદન સુજીવન જીવી સૌને સુખ દઈ ગયા,**
**પારાવાર કુટુંબ વાત્સલ્યતા અને સૌને સહયોગી થવાની સદ્‌ભાવના**
**સ્વજનો-સ્નેહીજનોમાં આદરણીય સ્થાન સાથે બહોળો સ્નેહી વર્તુળ ધરાવનારા**
**આપની 'સાતમી' પુણ્યતીથી એ**

**સમસ્ત પરિવારની નતમસ્તકે શ્રદ્ધાંજલિ**

**પરિવારની ભાવભરી સ્મરણાંજલિ**

| | |
|---|---|
| ધર્મપત્ની | : ગં.સ્વ. મંજુલાબેન દામજી મૈશેરી |
| પુત્રવધુ-પુત્ર | : અ.સૌ. પ્રેમીલાબેન તથા પ્રફુલ દામજી મૈશેરી |
| પુત્રવધુ-પુત્ર | : અ.સૌ. પલ્લવીબેન તથા ધર્મેશ દામજી મૈશેરી |
| સુપુત્રી | : ગં.સ્વ. મનીશા મુકેશ લોડાયા (સુથરી) |
| પૌત્ર-પૌત્રવધુ | : અ.સૌ. ભાવીની વૈભવ મૈશેરી તથા હાર્દીક અને ઋષભ |
| પૌત્રી-જમાઈ | : રીના હિમેશ સેંઘાણી (મોમાયમોરા) |
| દોહીત્ર-દોહીત્રવધુ | : અ.સૌ. ફોરમ નરેશ લોડાયા તથા પ્રતિક |

**શા. કુંવરજી દેવશી મૈશેરી સમસ્ત પરિવાર**

**આદીનાથ રોડવેજ - મુંબઈ**

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,